# યુસુફે ઝહરા

## ઈમામ મહદી (અ.સ.) ની ખિદમતમાં

## મુલાકાતના વાકેઆત

## (ભાગ :- ૨૦)



સંકલન અને પ્રકાશક :-

**યુસુફે ઝહરા (અ.સ.) પબ્લીકેશન, મહુવા**

**M.7567382220**

**For All Book Website : www.yusufezehra.com**

## યુસુફે ઝહરા ઈમામ મહદી (અ.સ.)ની ખિદમતમાં

# મુલાકાતના વાકેઆત

ભાગ-૨૦

આ કિતાબ ખાતુને જન્નત જ. ઝહરા (સ.અ.)ની
ખિદમતમાં હદીયો કરીએ છીએ.
હદીયો : વકફ

: સંકલન અને પ્રાપ્તિસ્થાન :

**યુસુફે ઝહરા પબ્લીકેશન**

૧૦૧/૭, કાઝમૈન સોસાયટી, ફાતેમા સોસાયટી રોડ,
નાયરા પેટ્રોલ પંપ પાસે, મહુવા-૩૬૪૨૯૦
મો. નં. ૭૫૬૭૩૮૨૨૨૦
www.yusufezehra.com

નોંધ: અગર કોઈ મોઅમીન તેમના મર્હુમીનના રૂહના સવાબમાં આ કિતાબ વકફ માટે પ્રિન્ટ કરવા ઈચ્છે તો કરી શકે છે. માત્ર આ મોબાઈલ નં. ૭૫૬૭૩૮૨૨૨૦ પર જાણ કરવા વિનંતી . જેથી પ્રિન્ટીંગ માટે ઓરીજનલ word file મોકલી શકુ.

# અનુક્રમણિકા

**વાકેઓ: 1** .......... **4**
અલ્લામા હિલ્લી અ.ર.ને ઈમામે ઝમાના (અ.સ.)થી મુલાકાત .......... 4
**વાકેઓ: 2** .......... **5**
ઈસ્માઈલ હરકલીની ઈમામ મહદી (અ.સ.)થી .......... 5
મુલાકાત અને બિમારીનો ઈલાજ .......... 5
**વાકેઓ 3** .......... **10**
૪૦ શબે જુમ્આ હઝરત અબુ અબ્દીલ્લાહ .......... 10
ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરો .......... 10
**વાકેઓ 4** .......... **12**
ઈ. ઝમાના અ.સ.થી તવસ્સુલ અને જીનથી નજાત .......... 12
**વાકેઓ 5** .......... **14**
યા સાહેબઝ-ઝમાન કહેવાથી ઈમામ(અસ)ની ઈનાયત થઈ .......... 14
**વાકેઓ 6** .......... **16**
ઝિયારત વારેસા અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) નું ઝારો કતાર રડવું. 16
**વાકેઓ 7** .......... **18**
ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) એ વધારે કુરઆન પઢવાની સલાહ આપી. 18
**વાકેઓ 8** .......... **20**
ઈમામે ઝમાના (અ.)ની હિદાયત પર અમલ કરવાથી .......... 20
એક મૂંગો માણસ બોલવા લાગે છે .......... 20
**વાકેઓ 9** .......... **21**
ઈમામે ઝમાના અ.ની મુલાકાત કરનાર ઈસા ઈબ્ને મહદી જવહરી .......... 21
**વાકેઓ 10** .......... **24**
ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના હુકમથી .......... 24
લખવામાં આવેલી કિતાબની દાસ્તાન .......... 24

**વાકેઓ 11** ........................................ **25**
હિ.સ. 307માં હજરે અસ્વદને નસ્બ કરવું ........................................ 25
**વાકેઓ 12** ........................................ **26**
અના હુજ્જતુલ્લાહ, અના બકિય્યતુલ્લાહ ........................................ 26
**વાકેઓ 13** ........................................ **27**
સૌથી મઝલૂમ વ્યક્તિ ........................................ 27
**વાકેઓ 14** ........................................ **28**
ઈમામે ઝમાના (અ.સ.)ની તાત્કાલિક મદદ મળે તે માટેની દોઆ ........................................ 28
**વાકેઓ 15** ........................................ **30**
અમે મદીનામાં ફક્ત એટલા માટે સુરક્ષિત છીએ કે આપણા મૌલા અને આકા ઈમામે ઝમાના(અ.સ.) અમારૂ રક્ષણ કરે છે ........................................ 30
**વાકેઓ 16** ........................................ **33**
આપણી આંખોમાં જુદાઈના આંસુ કેમ નથી આવતા!!! ........................................ 33
**વાકેઓ 17** ........................................ **34**
ઈમામે ઝમાના (અ.સ.)નો એક મોઅજીઝો જે તાજેતરમાં જ થયો છે ........................................ 34
**વાકેઓ 18** ........................................ **36**
ઈમામે ઝમાના (અ.સ.) સાથે મુલાકાત ન થવાના કારણો ........................................ 36
**વાકેઓ 19** ........................................ **38**
શું તમે એમ ધારો છો કે તમારા ઈમામ તમારી હાજતથી વાકેફ નથી ?. 38
**વાકેઓ ૨૦** ........................................ **39**
ઈમામે ઝમાન (અ.સ.) મુર્દા ઝમીરને જીવંત કરે છે ........................................ 39

બીસ્મિલ્લાહિર રહમાનીર રહીમ બીસ્મેહી તઆલા વ બે ઝીક્રે વલીય્યેહી

## વાકેઓ: 1

## અલ્લામા હિલ્લી અ.ર.ને ઈમામે ઝમાના (અ.સ.)થી મુલાકાત

કસસુલ ઓલમા કિતાબના લેખક કહે છે મેં મુલ્લા સફરઅલી લાહેજીથી સાંભળ્યું છે કે તેઓ પોતાના ઉસ્તાદ આકા સૈયદ મોહમ્મદ બિન આકા સૈયદ અલીએ ફરમાવ્યું કે એક વખત અલ્લામા હિલ્લી (અ.ર.) જુમ્આની રાતે ઈમામે હુસયન (અ.સ.)ની ઝીયારત માટે જતા હતા અને એકલા સવારી પર બેઠેલા અને હાથમાં ચાબૂક હતો, રસ્તામાં એક અરબ ચાલીને જતો હશે તેની સાથે વાતો કરવા લાગ્યા,

થોડી વાતો કરવાથી જ અલ્લામા સમજી ગયા કે આ અરબ ફાઝીલ અને હોંશિયાર છે, તેથી ઈલ્મની વાતો કરવા લાગ્યા. તે વખતે તે અરબની કાબેલિયતથી ખબર પડી કે બહુજ ઈલ્મનો દરિયો અને કામીલ શખ્સ છે, તેથી અલ્લામાને જે જે મસઅલામાં સમજ પડી ન હતી અને જે મસઅલા મુશ્કીલ હતા તે એક એક બાબત પુછવા લાગ્યા અને તે અરબ બરાબર જવાબ આપતા ગયા,

એટલે સુધી કે એક મસઅલામાં બહુજ મતભેદ થયો, તે અરબે ફતવો આપ્યો કે આ મુજબ છે; અલ્લામાએ કહ્યું કે આ બાબત એમ નથી કેમ કે ફતવો આપવા જેવી હદીસ આ બાબત વિશે મળતી નથી. અરબે કહ્યું, ફતવો આપવા માટે આ બાબતની હદીસ શેખ તુસીએ 'તહઝીબ' નામની કિતાબમાં બયાન કરી છે, તમો તે કિતાબના અમુક પાને જોજો તેમાં અમુક લાઈનમાં હદીસ લખેલી છે. અલ્લામા હયરતમાં પડી ગયા કે આ શખ્સ કોણ હશે? એમ વિચાર કરી અરબને પૂછ્યું કે આ ઝમાનામાં ઈમામે ઝમાના (અ.સ.)ની મુલાકાત નસીબ થાય ખરી? એમ કહે છે ત્યાં અલ્લામાના હાથમાંથી ચાબૂક પડી ગયો, તે વખતે તે અરબે જમીન ઉપરથી ચાબુકને હાથમાં લઈ

અલ્લામાના હાથમાં આપીને કહ્યું કે આ ઝમાનાના ઈમામની મુલાકાત કેમ ન થાય? જ્યારે કે અત્યારે તમારા હાથમાં તેનો હાથ છે!

આ સાંભળી અલ્લામા સમજી ગયા કે તેઓ પોતેજ સાહેબુઝ્ઝમાન અ. છે. તેથી પગ ચુમવા એકદમ સવારીથી નીચે પડી ગયા અને બેહોશ થયી ગયા. હોશ આવ્યો તે વખતે નજર કરી તો કોઈ ન હતું. પછી ઘરે ગયા અને તહઝીબમાં જોયું તો ઈમામ અ.સ. ફરમાવ્યા મુજબ એ જ પાનામાં એજ લીટીની અંદર એ હદીસ લખેલી હતી, અને તેના હાંસીયામાં આપે લખી નાખ્યું કે આ એ હદીસ છે કે જેની ખબર હઝરત સાહેબુઝ્ઝમાને મને આપી હતી.

(કસસુલ ઓલમા: હાજી નાજી સાહેબ)

## વાકેઓ: 2
## ઈસ્માઈલ હરકલીની ઈમામ મહદી (અ.સ.)થી મુલાકાત અને બિમારીનો ઈલાજ

પ્રખ્યાત આલીમ અલી બિન ઈસા ઈરબીલી કિતાબ કશફુલ ગુમ્મહમાં વર્ણન કરે છે: કેટલાક લોકોએ મને મારા મોઅતબર દોસ્તોથી જાણ કરી કે હિલ્લામાં હરકલ નામના ગામમાં ઈસ્માઈલ બિન હસન હરકલી તરીકે ઓળખાતા એક વ્યક્તિ હતા, જે મારા સમય દરમિયાન મૃત્યુ પામ્યા હતા. મને તેમની મુલાકાત કરવાનો મોકો મળ્યો ન હતો.

તેમના પુત્ર શમસુદ્દીને મને બયાન કર્યું કે તેમના પિતાએ કહ્યું કે તેમની ડાબી જાંઘ પર એક ગાંઠ છે અને તે મુઠ્ઠી જેટલી મોટી થઈ ગઈ છે. આ ગાંઠ લાંબા સમય સુધી હતી અને તે ખાસ કરીને વસંતઋતુમાં તેમને શદીદ દર્દ આપતી હતી. તે ત્યાંના પ્રખ્યાત ડોક્ટરો પાસે ગયા. ડોક્ટરોએ તે ગાંઠનું નિરિક્ષણ કર્યું પણ બધાજ ડોક્ટરો તેમની સારવાર કરવા માટે અસમર્થ હતા. અંતે ઈસ્માઈલ સામર્રા જવા માટે નીકળ્યા અને ત્યાં દસમાં અને અગિયારમાં

ઈમામ (અ.સ.)ની ઝિયારત કરી અને પછી સરદાબમાં દાખલ થયા. ત્યાં તેમણે અલ્લાહની બારગાહમાં આજીજી કરી અને ઈમામ મહદી(અ.સ.)થી મદદ માંગી.

ત્યારપછી તેઓ 'તીગ્રીસ' નામની નદી પર ગયા, ત્યાં ગુસ્લ કર્યું અને કપડા બદલાવ્યા.અચાનક તેણે જોયું કે ૪ ઘોડે સવાર સામર્રા શહેર તરફથી આવી રહ્યા છે. તે લોકોનો પહેરવેશ સામર્રાનાં રહેવાસીઓ કરતા અલગ દેખાતો હતો. તેમાંથી બે શખ્સ જવાન હતા જે ઈસ્માઈલની ડાબી બાજુએ હતા અને એક બુઝુર્ગ શખ્સ હતા જે જમણી બાજુએ હતા. ચોથા શખ્સ કે જે ન તો જવાન દેખાતા હતા અને ન તો બુઝુર્ગ દેખાતા હતા. તે ઈસ્માઈલની સામે ઉભા રહ્યા અને ઈસ્માઈલને તેની જાંઘ પર રહેલી ગાંઠ વિષે પુછ્યું અને કહ્યું કે તે તેની ગાંઠનું નિરીક્ષણ કરવા ચાહે છે. ઈસ્માઈલે કહ્યું: આ ગાંઠદિવસે દિવસે વધતી જાય છે. ઈસ્માઈલે વિચાર્યું કે તે હમણાં જ પાક થયો છે અને ઝિયારત માટે જઈ રહ્યો છે. તેઓ વિચારી રહ્યા હતા કે જો વ્યક્તિ તેની ગાંઠને અડશે તો તેની પાકીઝગી બાકી રહેશે નહી. તેથી તેણે તે શખ્સને તેની મનાઈ કરી. હવે તે શખ્સએ કહ્યું કે તે શા માટે તેમને પોતાની ગાંઠ બતાવવા તૈયાર નથી? પછી તે શખ્સ નીચે જુક્યા અને ઈસ્માઈલની જાંઘમાંથી કપડાને બાજુએ કર્યો અને તેની ગાંઠને પોતાના મુબારક હાથથી દબાવી. અચાનક તે ગાંઠમાંથી પરુ નીકળ્યું. અને કહ્યું: અય ઈસ્માઈલ! તમે હવે સંપૂર્ણ રીતે સાજા થઈ ગયા છો!"

ઈસ્માઈલને આશ્ચર્ય થયું કે આ શખ્સ કોણ છે? તે તેનું નામ કેવી રીતે જાણી શકે? તેણે નવાઈ પામીને પૂછ્યું, "તમે મને મારા નામથી કેવી રીતે ઓળખો છો?!" તેની જમણી બાજુ ઉભેલા વૃદ્ધ શખ્સે કહ્યું, "ઈસ્માઈલ! તેઓને સલામ કરો ! તેઓ તમારા ઈમામે ઝમાના (અ.સ.) છે!" ઈસ્માઈલે ઈમામ (અ.સ.)ને સલામ કરી. પરંતુ તેની સલામનો જવાબ આપતા તેઓ ઝડપથી ઘોડા પર સવાર થયા અને ચારેય શખ્સ ઘોડા પર સવાર થઈ નીકળી ગયા. ઈસ્માઈલ તેમની પાછળ ચાલવા લાગ્યા. ઈમામ(અ.સ.)એ પોતાના

ઘોડાને રોક્યો અને કહ્યું:-'પાછા ચાલ્યા જાવ.' ઈસ્માઈલે કહ્યું:-'હું તમારાથી ક્યારેય જુદો નહિ થાવ.

ઈમામ(અ.સ.)એ કહ્યું:-'તમારા માટે સારું છે કે તમે પાછા ચાલ્યા જાવ. ઈસ્માઈલે કહ્યું:-'હું કોઈ પણ પરિસ્થિતિમાં તમારાથી જુદો નહિ થાવ. પછી ઈમામે હુકમ કર્યો કે તેઓ પાછા ફરે. ઈસ્માઈલ ત્યાં ઊભા રહી ગયા.જયારે ઈમામ(અ.સ.)થોડા કદમ આગળ ચાલ્યા, તેમણે ઈસ્માઈલ તરફ પાછળ જોઈને કહ્યું:-'જયારે તમે બગદાદ પહોંચશો તો ત્યાંનો ખલીફા તમને જબરદસ્તી બોલાવશે. જયારે એ તમને કઈ આપે તો તમે તેને કબૂલ કરતા નહી. ઉપરાંત અમારા ફરઝંદ રઝીયુદ્દીન (સય્યદ ઈબ્ને તાઊસ)ને તમારા વતી અલી ઈબ્ને ઔવેસને લખે,. હું પણ તેને સુચના આપીશ કે તમે જે ચાહો તે તમને આપે.

જયારે આપ (અ.સ.) પોતાના સાથીઓ સાથે ચાલ્યા ગયા. ઈસ્માઈલની આંખો તેને તાકીને જોતી રહી ત્યાં સુધી કે તેઓ ક્ષિતિજમાં અદ્રશ્ય થઈ ગયા.તે જમીન પર થોડી વાર માટે બેસી ગયા અને તેમની જુદાઈના કારણે રડવા લાગ્યા.પછી તે સામર્રા તરફ પાછા ફર્યા. વહેલી સવાર હતી અને લોકો ઘરની બહાર નીકળી રહ્યા હતા. ઈસ્માઈલે તેઓને પૂછ્યું કે શું તેઓએ ચાર વ્યક્તિઓને તેમની સવારીઓ પર શહેરમાંથી ઝડપથી પસાર થતા જોયા છે? તેઓએ હકારમાં જવાબ આપ્યો. ઈસ્માઈલે તેમને પૂછ્યું કે શું તેઓ તે ચાર ઘોડે સવારોને ઓળખે છે? તેઓએ કહ્યું કે તેઓ તેમને ઓળખતા નથી, પરંતુ તેમના ચહેરા અને પોશાક દર્શાવે છે કે તેઓ તે વિસ્તારના નથી. પછી ઈસ્માઈલે કહ્યું કે તેઓ ઈમામ ઝમાના (અ.સ.)ની મુલાકાતથી મહેરૂમ રહ્યા છે

લોકો તેની આજુબાજુ ભેગા થયા અને પૂછ્યું કે શું તમને ઈમામ (અ.સ.)થી મુલાકાત થઈ છે? ઈસ્માઈલે તે લોકોને પોતાની બીમારીનાં ઈલાજ અને ઈમામ (અ.સ.)થી મુલાકાતનો વાકેઓ બયાન કર્યો. આ બાબતની હકીકત જાણવા માટે લોકોએ તેની જાંઘ પરથી કપડું હટાવ્યું. તેઓએ બીજી

જાંઘનું પણ નિરીક્ષણ કર્યું. તેની જાંઘોમાં ક્યારેય પણ કોઈ ગાંઠ થઈ હોય તેવી કોઈ નિશાની દેખાતી ન હતી. તે લોકોએ પોતાની યાદી તરીકે, પોતાની સાથે રાખવા માટે, ઈસ્માઈલનાં કપડાના નાના ટુકડાઓ લઈ લીધા. તેઓએ કહ્યું કે ઈસ્માઈલ એ ખૂશનસીબ વ્યક્તિ હતા, જેમના શરીરને ઈમામ (અ.સ.)એ સ્પર્શ કર્યો હતો.

પછી તે બગદાદ જવા નીકળી ગયા. જ્યારે તે બગદાદનાં પુલ પર પહોંચ્યા, ત્યારે તેણે એક અદભુત દ્રશ્ય જોયું. તેમનાં મોઅજીઝાથી ઈલાજની બધા લોકોને જાણ થઈ ગઈ હતી અને પુલ પર મોટી ભીડ તેમની રાહ જોઈ રહી હતી. જ્યારે પણ કોઈ પ્રવાસી પુલ પર પહોંચતા ત્યારે તેઓ તેનું નામ પૂછતા અને પછી તેને પસાર થવા દેતા. ઈસ્માઈલને ખબર ન હતી કે તેઓ નવા આવનારાઓનું નામ કેમ પૂછી રહ્યા છે. જ્યારે તેમણે તેઓને કહ્યું કે તે 'ઈસ્માઈલ હરકલી' છે, ત્યારે તેઓએ તેમને પકડી લીધા, જેમ સામર્રાનાં લોકોએ કર્યું હતું. લગભગ નાસભાગ મચી ગઈ હતી અને તે હજી બેહોશ થઈને નીચે પડી જવાના હતા કે તેમણે જોયું કે સૈયદ રઝીઉદ્દીન ઈબ્ને તાઉસ તેમની પાછળ એક મોટી ભીડ સાથે તેમની તરફ આવી રહ્યા છે. સૈયદ રઝીઉદ્દીન ઈબ્ને તાઉસે લોકોને કહ્યું કે ઈસ્માઈલને થોડીક તાજી હવા લેવા દો.

તેની સલાહ સાંભળીને તે લોકો ઈસ્માઈલથી દૂર ખસી ગયા. સૈયદ રઝીઉદ્દીન તેમને બગદાદમાં પોતાના ઘરે લઈ ગયા. તેણે ઈસ્માઈલને કહ્યું કે બગદાદનાં બધા લોકો તેમના મોઅજેઝાતી ઈલાજ વિશે જાણે છે. ઈસ્માઈલે તેમને પૂરો વાકેઓ બયાન કર્યો. તેમણે સૈયદ રઝીઉદ્દીનને કહ્યું કે ન ફક્ત આ વાકેઓ સાચો છે પણ ઈમામ (અ.સ.)એ તેના માટે વ્યક્તિગત સંદેશ મોકલ્યો હતો. સૈયદ રઝીઉદ્દીને તરત જ શુક્રની નમાઝ પઢી અને તેમને ખલીફા પાસે લઈ ગયા.

ખલીફા આલે મહમ્મદ (અ.મુ.સ)નાં અનુયાયી હતા. સૈયદ રઝીઉદ્દીને પૂરો વાકેઓ વઝીરને સંભળાવ્યો. વજીરે ખલીફાને તેની જાણ કરી. ખલીફાએ તેમને તરત જ પોતાના દરબારમાં બોલાવ્યા અને બગદાદના તમામ પ્રતિષ્ઠિત ડોક્ટરોને તાત્કાલિક દરબારમાં હાજર થવાનો હુકમ કર્યો. તેઓ બધા ત્યાં આવ્યા.

ખલીફાએ તેમને પૂછ્યું કે શું તેઓને તે ઈસ્માઈલ વિષે યાદ છે જે તેમની જાંઘ પરની ગાંઠની સારવાર માટે થોડા દિવસો પહેલા તેમની પાસે આવ્યા હતા. તેઓએ કહ્યું: હા, તેઓએ તે ગાંઠનું નિરીક્ષણ કર્યું હતું અને તેઓ વિચારતા હતા કે તેની સારવાર કરવી શક્ય નથી. તેનો એકમાત્ર વિકલ્પ તે ભાગને કાપવાનો હતો.

ખલીફાએ પૂછ્યું: જો તે ગાંઠ સારી થઈ ગઈ હોત તો તેનું પરિણામ શું આવ્યું હોત? તેઓએ જવાબ આપ્યો કે જો તે ગાંઠ ખરેખર સારી થઈ જાય, તો તે ઓછામાં ઓછા બે મહિના કે તેથી વધુ સમય માટે તે જગ્યા પર એક બદસૂરત નિશાન છોડી દે, જે પછી સફેદ નિશાનમાં ફેરવાઈ જાય અને જે આખા જીવન સુધી રહે. હવે, ખલીફાએ ઈસ્માઈલને જ્યાં ગાંઠ હતી ત્યાંથી તેનું કપડું હટાવવાં કહ્યું. ડોક્ટરોએ તેનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું અને આશ્ચર્ય થયું કે ત્યાં કોઈ ગાંઠનું નિશાન જ ન હતું અને તેની ચામડી એક સામાન્ય વ્યક્તિની જેમ સ્વસ્થ હતી.

હવે ડોક્ટરોની ટીમને રવાના કરવામાં આવી હતી. ખલીફા ઈસ્માઈલને એક હજાર દિનાર તોહફા તરીકે આપવા ચાહતો હતો, જેની તેમણે નમ્રતાથી ના પાડી. ખલીફાને આશ્ચર્ય થયું કે તે આ તોહફો કેમ કબૂલ કરતો નથી. તેણે કહ્યું કે જેણે તેને સાજો કર્યો છે તેણે તેને કોઈ પણ તોહફો ન કબૂલ કરવાનો હુકમ આપ્યો છે. ઈસ્માઈલ હવે સૈયદ રઝીઉદ્દીન ઈબ્ને તાઉસની પાસે ગયા. તેણે અલી ઈબ્ને ઓવૈસને ઈસ્માઇલનાં વતી એક પત્ર લખ્યો, જેણે ઈસ્માઈલને 1,000 દિનાર મોકલ્યા.

જ્યારે ઈસ્માઈલ હરકલી તેના વતન પાછો ફર્યા ત્યારે તેના પુત્રએ જાંઘ જોઈ અને નવાઈ પામી ગયો કે ગાંઠ સંપૂર્ણપણે ગાયબ થઈ ગઈ છે અને કોઈ નિશાન બાકી નથી! ત્યાં સુધી કે તે જગ્યાએ જેમ સામાન્ય રીતે વાળ ઉગે છે તેમ વાળ પણ ઉગી ગયા હતા.

(કિતાબ:નજમુસ્સાકીબ: ભાગ ૧, પ્રકરણ ૭, પેજ નં. ૬૩૧)

## વાકેઓ 3

## ૪૦ શબે જુમ્આ હઝરત અબુ અબ્દીલ્લાહ ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરો

જલીલુલ કદ્ર આલિમ શૈખ અલી રિશ્તી(અ.ર.) જે ખાતેમુલ મોહક્કકીન શૈખ મુરતઝા અન્સારી અઅ્લલ્લાહો મકામોહુના શાગિર્દોમાંથી હતા, આ વાકેઓ વર્ણવે છે-આપ ફરમાવે છે કે એક વખત જ્યારે હું હઝરત અબા અબ્દીલ્લાહ ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરીને નજફે અશરફની તરફ પાછો ફરી રહ્યો હતો, તો સફર માટે નહરે ફુરાતથી એક નાની હોડીમાં સવાર થઈને કરબલાથી તવરીજની તરફ આગળ વધી રહ્યો હતો, તે હોડીમાં બીજા પણ અમૂક લોકો સવાર હતા, જે માત્ર લહવો-લહબમાં મશ્ગૂલ હતા, તેમની સાથે એક અન્ય શખ્સ પણ હતા જે તેમના લહવો -લહબમાં શરીક ન હતો, તેઓ તેની પણ મજાક ઉડાવતા હતા અને તેને સતાવતા હતા. પરંતુ તે ચૂપ હતા.

જ્યારે અમે હોડીમાંથી બહાર આવ્યા તો મારી મુલાકાત તેમની સાથે થઈ. મેં તેમને બનાવ પુછ્યો. તેમણે કહ્યુ: આ લોકો મારા સગા-વ્હાલા છે, અને સુન્ની છે. મારા વાલિદ પણ સુન્ની હતા. પરંતુ મારી વાલેદા શીઆ હતી, અને હઝરતે હુજ્જત સાહેબુઝ્ઝમાન(અ.સ.)ની બરકતથી મેં પણ શીઆ મઝહબ કબૂલ કરી લીધો છે. મારૂ નામ યાકૂત છે અને હિલ્લા શહેરની આજૂ બાજૂમાં મારો ઘી વહેંચવાનો ધંધો છે.

એક દિવસ એવુ થયુ કે, હું હિલ્લાથી બહાર વણજારાઓની પાસે ઘી ખરીદવા માટે આવ્યો હતો, અને ખરીદી કર્યા પછી પાછો આવતો હતો, તો તે જગ્યાએ થોડીવાર આરામ કરવા માટે અમે લોકો રોકાયા, અને પછી મને ઉંઘ આવી ગઈ. જ્યારે ઉંઘમાંથી જાગ્યો તો જોયુ કે ત્યાં કોઈ નથી. આ ઈલાકામાં જંગલી જાનવરો આવતા હતા, અને હું એકલો હતો. આ અસાધારણ ખૌફની હાલતમાં હું ત્યાંથી ચાલ્યો, પરંતુ પોતાનો રસ્તો ભૂલી ગયો. તે સમયે મારા ખલીફાઓ જેના પર મારો અકીદો હતો, તેમની પાસે મદદ માંગી. પરંતુ કોઈ ફાયદો ન થયો.

ત્યારે મને યાદ આવ્યુ કે મારી માતાએ મને કહ્યુ હતુ કે આપણા એક ઈમામ જીવંત છે. જેમની કુન્નીયત અબૂ સાલેહ છે. તેઓ મુસીબતના સમયે મદદે આવે છે અને કમઝોરોની ફરીયાદે પહોંચે છે. મેં એવો અહદ કર્યો કે અગર હું તેમની પાસે મદદ માંગુ અને તેઓ મદદ કરવા આવે તો હું મારી વાલેદાનો મઝહબ સ્વિકારી લઈશ. મેં અવાજ આપી, 'યા અબા સાલેહ અદરીકની' અને અચાનક મેં જોયુ કે લીલા રંગનો અમામો પહેરેલ એક શખ્સ મારી તરફ આગળ વધી રહ્યા છે. તેમણે મને રસ્તા તરફ માર્ગદર્શન કર્યું અને હુક્મ આપ્યો કે હું મારી વાલેદાના દીન ઉપર ઈમાન લઈ આવું. તેમણે મને એક એવા ગામ તરફ પહોંચાડી દીધો કે જ્યાંના બધા રહેવાવાળા ફક્ત શીઆ હતા.

મેં સવાલ કર્યો કે 'અય મારા મૌલા! શું આપ મારી સાથે ત્યાં સુધી નહીં આવો?' તેમણે જવાબ આપ્યો: નહીં! એવા હજારો લોકો છે, જે બીજા શહેરોમાં ઈસ્તેગાસા કરી રહ્યા છે. મારા માટે તેમની મદદ કરવી જરૂરી છે. આમ કહીને તેઓ મારી નજરોથી ગાએબ થઈ ગયા.

મેં આ વાકેઓ હિલ્લાના મશહુર આલિમ સૈયદ મહદી કઝવીની ર.અ.ને બયાન કર્યો અને તેમને સવાલ કર્યો કે અગર મારે તે હઝરત(અ.સ.)થી બીજીવાર મુલાકાત કરવી હોય તો હું કયો અમલ બજાવી લાવુ? તેમણે કહ્યું:

૪૦ શબે જુમ્આ હઝરત અબુ અબ્દીલ્લાહ ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરો. હું તરતજ આ અમલને બજાવવામાં મશ્ગૂલ થઈ ગયો. જ્યારે આખરી શબે જુમ્આ હું હિલ્લાથી કરબલા પહોંચ્યો, તો જોયુ કે કરબલાના દરવાન ઝવ્વારોને ઓળખ કર્યા વગર અથવા તેની રકમ વગર ઝિયારતની પરવાનગી નથી આપતા, અને મારી પાસે બે માંથી કંઈ પણ હતુ નહી.

તે જ સમયે મેં સાહેબુલ અમ્ર(અ.સ.)ને ત્યાં એક ગૈર અરબ પોષાકમાં સફેદ અમામો પહેરેલ જોયા. મેં તે હઝરતને જોતાવેત જ ઈસ્તેગાસા બલંદ કર્યો. ઈમામ(અ.સ.)એ મારો હાથ પકડીને મને દરવાજેથી દાખલ કરાવી દીધો અને કોઈ પણ મને જોઈ ન શક્યા.

(નજમુસ્સાકિબ ભાગ:૧ પ્રકરણ:૭ પાના:૭૧૯ હિકાયત:૭૧)

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૩, પાના: ૨૯૨-૨૯૪)

## વાકેઓ 4

## ઈ. ઝમાના અ.સ.થી તવસ્સુલ અને જીનથી નજાત

મરહૂમ આકા સૈયદ અલી તબરેઝી દામાદ વર્ણવે છે કે અમુક દિવસો હું હિન્દુસ્તાનના પરગનામાં રોકાણો હતો. એક દિવસ પોતાના ઘરમાં બેઠો હતો કે અચાનક એક પ્રભાવશાળી ઔરત મારા કમરામાં દાખલ થઈ, અને કોઈપણ જાતની પ્રસ્તાવના વગર પોતાની ચાદરને હટાવી દીધી અને પોતાનો ચેહરો મને બતાવ્યો. મેં જોયુ કે એક યુવાન ઔરત ખુબસૂરત પરંતુ ખૂબજ કમઝોર અને અશક્ત છે. તે ઔરતે કહ્યું કે મારી કમઝોરીનું કારણ એ છે કે હું એક જીનના પંજામાં ફસાઈ ગઈ છું. તેણે મારી આવી હાલત બનાવી દીધી છે. તેનાથી છુટકારા માટે મારી પાસે કોઈ પણ રસ્તો નથી સિવાય કે હું આપની સમક્ષ રજુ થાવ. કારણકે આપ એક સૈયદ અને પયગમ્બર(સ.અ.વ.)ના ખાનદાનમાંથી છો.

એની વાત પૂરી થયા બાદ મેં તેને કહ્યું: જ્યારે પણ તે જીન જાહેર થાય તું આયતુલ કુરસીની તિલાવત કરજે. તે તારી પાસેથી ભાગી જશે. તેણે કહ્યું કે 'હું આયતુલ કુરસી નથી જાણતી' અમૂક દિવસો તકલીફ ઉપાડીને તેને આયતુલ કુરસી યાદ કરાવી. અમૂક દિવસો પછી તે આવી અને શુક્રિયા અદા કર્યો કે આ આયતે મુબારેકાની બરકતથી જ્યારે પણ તે જાહેર થતો તો હું પઢતી અને તેના નુકસાનથી મેહફૂઝ થઈ જતી.

સૈયદ અલી ફરમાવે છે કે અમુક દિવસો આ રીતે પસાર થઈ ગયા,એક દિવસ મેં જોયુ કે દેડકાની જેવી એક કાળા રંગની વસ્તુ મારા રૂમની છત ઉપર ચોંટેલી છે અને ધીમે ધીમે નીચે આવી રહી છે અને જેમ જેમ નીચે આવતી હતી તેમ તેનુ કદ વધતુ જતુ હતુ. ત્યાં સુધી કે તે ઓરડાની જમીન પર આવી ગઈ એવામાં મેં જોયુ કે તેણે એક અજીબ સ્વરૂપ ધારણ કરેલુ છે કે જેને જોઈને હું ભયભીત થઈ ગયો.

તેણે ખૂબજ ઉંચા અવાજે અને ગુસ્સાપૂર્વક મને કહ્યુ: તે આયતુલ કુરસીની તાલીમ આપીને મારી પાસેથી મારા મહેબૂબને અલગ કરી દીધી, હવે હું તને ખત્મ કરી દઈશ. મેં આયતુલ કુરસી પઢવાનું શરૂ કરી દીધુ. તે અજીબ સ્વરૂપ ધીમે ધીમે નાનુ થવા લાગ્યુ. ત્યાં સુધી કે પોતાના અસ્લ સ્વરૂપમાં આવી ગયુ, અને પછી ગાએબ થઈ ગયુ. ઘણી વાર તે આવી રીતે આવ્યો અને મને ખત્મ કરવાનો ઈરાદો કર્યો, પરંતુ હું આયતુલ કુરસીની તિલાવત થકી તેના નુકસાનથી નજાત પામી ગયો.

એક દિવસ હું ફરવા માટે શહેરની બહાર ગયો, શહેરની નજદીક જંગલ હતુ. જ્યારે હું એ જંગલમાં પહોંચ્યો તો મેં જોયુ કે અચાનક એક ખૂબ જ મોટો અજગર વૃક્ષોની વચ્ચેથી બહાર નીકળ્યો અને ચીસો પાડવા લાગ્યો, 'હું એ જ જીન છુ, અને હવે હું તને હલાક કરી દઈશ. હું જોવ છુ કે હવે કોણ તને મારા પંજામાંથી બચાવશે?'

જેવી તેની વાત પૂરી થઈ તો તરત જ મને ઈલ્હામ થયુ, અને મજબૂરોના ફરીયાદરસ અને મુસીબતોમાં તેઓને નજાત દેવાવાળા હઝરત સાહેબુઝ્ઝમાન (અ.સ.) ની તરફ મુતવસ્સીલ થયો અને તે જીનને કહ્યુ: હઝરતે હુજ્જત(અ.સ.) મને બચાવશે. મારા મોઢામાંથી જેવુ આ વાક્ય બહાર આવ્યુ કે એક સૈયદ જવાન જેના સર ઉપર લીલા રંગનો અમામો અને હાથમાં એક કુહાડી હતી, તેને મેં મારી સામે જોયા.

આપ જનાબે કુહાડી મને આપી અને કહ્યું: આ અજગરને ખત્મ કરી દો. મેં કહ્યું: મારા મૌલા! ખૌફના લીધે હું મારા શરીરમાં તાકત મહેસૂસ નથી કરતો. હું કેવી રીતે આ કુહાડી લઉ? પછી આપે તે કુહાડી લીધી અને તે અજગરના માથા પર વાર કર્યો, અને તેને હલાક કરી દીધો. પછી મને ફરમાવ્યુ: જાવ, હવે તમે આના શરથી સુરક્ષિત થઈ ગયા. મેં સવાલ કર્યો: આપ કોણ છો? આપ અ.સ..એ ફરમાવ્યુ: તે કોનાથી તવસ્સુલ કર્યું હતુ અને મદદ માંગી હતી?

મેં કહ્યું: ઈમામે અસ્ર(અ.સ.)થી મુતવસ્સીલ થયો હતો. આપ(અ.સ.)એ ફરમાવ્યુ: હું ઝમાનાની હુજ્જત અને ઈમામે ઝમાના (અ.સ. ) છું અને આપ મારી નજરોથી ગાએબ થઈ ગયા. મેં અલ્લાહની બારગાહમાં આ અઝીમ નેઅમતનો શુક્રીયા અદા કર્યો.

(અલ અબ્કરીયુલ હેસાન, અલ્લામા અલી અકબર
નેહાવંદી ભાગ:૨, પાના:૨૦૪)

## વાકેઓ 5

## યા સાહેબઝ-ઝમાન કહેવાથી ઈમામ(અસ)ની ઈનાયત થઈ

જનાબ આકા શેખ ઈબ્રાહીમ તુર્ક રૌઝા ખ્વાન, તકવા અને પરહેઝગારી ધરાવતા એક મહાન વ્યક્તિ હતા. તેઓ વર્ષો સુધી સામર્રામાં પવિત્ર નાહિયે (સ્થાન)માં રહેતા હતા અને હંમેશા હઝરત વલી-એ-અસર (અ.ત.ફ.શ.) પ્રત્યે વિશેષ પ્રેમ અને અકીદત ધરાવતા હતા. તેઓ સતત આ મહાન હસ્તીનો ઝીક્ર

કરતા રહેતા હતા. તેથી તેઓ "શેખ ઈબ્રાહીમ સાહેબઝ્ઝમાની" તરીકે જાણીતા થયા હતા. તેઓ કહેતા: "હું દરરોજ હઝરત માટે રડુ છુ."

એક વાર જ્યારે તેઓ હઝરત ઈમામ અલી રેઝા અ.સ.ની ઝિયારત માટે ગયા ત્યારે તેમને હઝરત વલી-એ-અસ્ર (અ.ત.ફ.શ.)થી તવસ્સુલથી એક અજાયબી અનુભવવાની તક મળી. આ બનાવ જનાબ મીરઝા હાદી દ્વારા સંભળાવાયો હતો. જ્યારે તેઓ મશહદ મુકદ્દસથી પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમની સાથે રશતથી તુર્કસ્તાન તરફ જતા એક હમસફર સાથી હતા. તેઓએ રેશમનો એક પોટલો લીધો હતો. આ રેશમને શેખ ઈબ્રાહિમના સામાનમાં રાખી દીધો અને પોતે બીજો રસ્તો શોધી કાઢ્યો .

એકલાં જતા તે સમય દરમિયાન રસ્તામાં ચાર રશિયન સૈનિકો શસ્ત્રો સાથે વૃક્ષોના પાછળથી નીકળ્યા અને તેઓને અટકાવ્યા અને સામાનની તપાસ કરવા ચાહ્યું કે તમારી પાસે રેશમ તો નથી ને? એક તુર્ક મુસ્લિમ વ્યક્તિ જે સાથે હતો, તેણે સૈનિકોને સમજાવ્યું કે આ શેખ ઈબ્રાહિમ એક મોટા આલિમ છે અને તેમની પાસે કાંઈ ગેરકાયદેસર નથી. પરંતુ એક અવિશ્વાસી સૈનિકે તેને લાકડીથી મારી. જેનાથી તે જમીન પર પડી ગયો અને તેનો પગ તૂટી ગયો . ત્યારબાદ સૈનિકો શેખ ઈબ્રાહીમ તરફ વળ્યા. તેઓએ તેમના સામાનની તપાસ શરૂ કરી અને વારંવાર પૂછવા લાગ્યા કે શું તમારી પાસે રેશમ છે?

શેખ ઈબ્રાહીમ સમજી ગયા કે પરિસ્થિતિ ગંભીર છે. તેઓ એક તરફ ગયા અને પવિત્ર કુરઆન હાથમાં લીધું અને હઝરત ઈમામે ઝમાના (અજ) ની પનાહમાં આજીજી કરી: "યા સાહેબઝઝમાન ! હવે તમારી જ પાસે આશરો છે!" ત્યાં એક અજાયબી બની. રશિયન સૈનિકોએ દરેક વસ્તુ ચકાસી, રેશમના પોટલાની પણ તપાસ કરી, પણ તેઓ તેને ઓળખી શક્યા નહીં! તેઓએ શેખ ઈબ્રાહીમને જવા દીધા.તેમની સાથેના તુર્ક મુસાફરી સાથીનો પગ તૂટી ગયો હતો . શેખ ઈબ્રાહીમે કહ્યું: "બોલો, યા સાહેબઝ-ઝમાન!" શરૂઆતમાં તે

ઈનકાર કરતો હતો, પણ શેખ ઈબ્રાહીમે ફરી કહ્યું: "બોલો, યા સાહેબઝ-ઝમાન!" જ્યારે તેણે આ શબ્દો ઉચ્ચાર્યા, ત્યારે તેનો પગ તરત જ સાજો થઈ ગયો અને તે ઉભો થઈ ગયો.

શેખ ઈબ્રાહીમ અને તેમની ટીમ સુરક્ષિત રીતે રશિયન ક્ષેત્રમાંથી બહાર નીકળ્યા. જ્યારે ઈરાનીઓ તેમને મળ્યા, તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓએ કહ્યું: "તમે કેવી રીતે રેશમ સાથે સુરક્ષિત નીકળી ગયા? જો પકડાઈ ગયા હોત, તો દસ વર્ષની કેદ અને મોટી રકમ (દંડ) ભોગવવો પડત!"

આ ઘટના હઝરત ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની શાનદાર ઈનાયત અને મદદનું એક ઉદાહરણ છે.

(અબકરીયુલ હેસાન ૧/૯૮)

## વાકેઓ 6

## ઝિયારત વારેસા અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) નું ઝારો કતાર રડવું

જનાબ મૈનૂ સંભળાવે છે: હું અનેક વખત કરબલા ઝિયારત માટે ગયો છું. એક પ્રસંગે મારે ઈમામ હુસેન (અ.સ.) ના ગુંબજ નીચે દુઆ કરવી હતી.એ પવિત્ર સ્થળ જ્યાં દુઆઓ તુરંત કબૂલ થાય છે અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની મુલાકાતનો શરફ મેળવવા માટે દુઆ કરવી હતી. મારા મનમાં હતું કે આ દુઆ કર્યા પછી હું સંપૂર્ણ ધ્યાન સાથે ઝિયારત કરીશ.

હું ફરાત નદી ગયો, ત્યાં ગુસ્લ કર્યું અને કપડાં ધોઈને ઈમામ હુસેન (અ.સ.) ના મઝાર તરફ રવાના થયો. મારા મનમાં સતત એ વિચાર ચાલતો રહ્યો કે શું મને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની મુલાકાત મળશે?

જ્યારે હું મઝાર પહોંચ્યો, ત્યારે: "કોઈ અજાણ્યા અરબી મુસાફર મને ઉંચી અવાજે ઝિયારત વાંચવા માટે કહે છે .. જેથી તે મને સાંભળી શકે અને ફાયદો ઉઠાવી શકે." હું ઈઝને દુખૂલ (મઝારમાં પ્રવેશ માટેની દુઆ)ની તૈયારી કરી રહ્યો હતો,ત્યારે એક અજાણી અરબી વ્યક્તિ મારી બાજુ આવી અને વિનંતી

કરી: "મહેરબાની કરીને તમે ઉંચી અવાજે ઝિયારત પઢો? જેથી હું તમારી સાથે તે પડી શકું?"

હું થોડી ક્ષણ માટે ચીડાયો, કારણ કે હું એકાંતમાં ઝિયારત કરવા ઈચ્છતો હતો. પણ મને લાગ્યું કે આ મુસાફર પણ ઈમામ હુસેન (અ.સ.)ના મહેમાન છે. તેથી મેં વિચાર્યું કે હું તેને ટૂંકી ઈઝને દુખૂલ વાંચી આપીશ અને પછી પોતાની મનગમતી ઝિયારત કરીશ. જ્યારે હું મઝારમાં પ્રવેશ કર્યો, ત્યારે હું તે અરબ તરફ વળયો અને પૂછ્યું:"તમને કઈ ઝિયારત સાંભળવી છે?"

તેણે જવાબ આપ્યો: "ઝિયારત વારેસા." મેં ઝિયારત વારેસાની તીલાવત શરૂ કરી.

જ્યારે મેં પ્રથમ વાક્ય વાંચ્યું: "અસ્સલામો અલયક યા વારેસ આદમ સફવતિલ્લાહ" ત્યારે તે અરબી વ્યક્તિ તુરંત જ રડવા લાગી. જેમ જેમ હું આગળ ઝિયારત વાંચતો ગયો, તેમ તેમ તેનું રડવું વધુ તીવ્ર થતું ગયું. જ્યારે હું અહીં પહોંચ્યો: "અસ્સલામો અલયક યા સારલ્લાહે વબ્ન સારેહી".ત્યારે તેની રડવાની તીવ્રતા એટલી વધી ગઈ કે હું પણ ભાવુક બની ગયો. હું પણ એટલો રડ્યો કે મારા માટે ઝિયારત આગળ પઢવી મુશ્કેલ થઈ ગઈ. હું એક એક વાક્ય વાંચતો ગયો અને પછી રડી પડતો ગયો.

ઝિયારત દરમિયાન મને અચાનક એક નુર નઝરે પડયુ.એ પ્રકાશ એટલો તેજસ્વી હતો કે તેણે આખા મઝારને પ્રકાશિત કરી દીધું. પરંતુ મેં વિચાર્યું કે કદાચ મારી આંખોમાંના આંસુઓ મારા દ્રષ્ટિમાં સાથે આવતા હશે. અમે આખી ઝિયારત પૂરી કરી અને ઈમામ હુસેન (અ.સ.) ની ઝરીહ તરફ ગયાં.અમે ઝરીહની બાજુમાં ઝિયારતની નમાઝ પઢવા બેઠા. જ્યારે મેં નમાઝ પૂરી કરી ત્યારે હું એ અરબ તરફ વળ્યો અને વિચાર્યું કે તેને નમાઝ પછીની દુઆ યાદ અપાવું.

પરંતુ જ્યારે મેં આંખ ઉઘાડી, ત્યારે તે ત્યાં ન હતા! હું આશ્ચર્યમાં પડી ગયો. હમણાં સુધી તે મારી સાથે હતા, પણ અચાનક ગાયબ કેમ થઈ ગયા ?

હું તલાશ કરવા માટે ઝરીહની આજુબાજુ ગયો, પણ ક્યાંય તેઓ મળ્યા નહિ. મેં આખી ઝરીહનો તવાફ કર્યો, પણ તે મળી ન આવ્યા.

હું પણ મઝારની બહાર નીકળી ગયો અને ત્યાંના જૂતાના સંભાળ રાખનાર માણસને પૂછ્યું: "થોડા સમય પહેલા એક અરબી વ્યક્તિ મારી સાથે અંદર આવી હતી, તમે તેને જોયા છે?" તેણે જવાબ આપ્યો: "હકીકત તો એ છે કે મેં તમને એકલા જ અંદર જતા જોયા હતા!" તે ક્ષણે મને સમજાયું કે તે કોઈ સામાન્ય મુસાફર ન હતા...તે મારા પ્રિય ચહીતા ઈમામે ઝમાના (અ.સ.) જ હતા, જેમની મુલાકાત માટે હું તરસી રહ્યો હતો! .

(મુલાકાતે બા ઈમામે અસ્ર પેજ ૩૨૪)

## વાકેઓ 7

## ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) એ વધારે કુરઆન પઢવાની સલાહ આપી.

શેખ મોહંમદ હસન માઝંદરાની કહે છે કે મારી શાદી પછી થોડા દિવસોમાં જ હું ક્ષયરોગ (ટી.બી.) થી પીડિત થઈ ગયો. આ બીમારીના કારણે હું બહુ નિર્બળ થઈ ગયો અને થોડી જ વારમાં તો ઘરની બહાર જવા માટે પણ શક્તિ ભેગી કરી શકતો ન હતો. તોય, હું રોજ અસરના પછી ઝિયારત પર જવાનું મારું નિયમિત આદતનું પાલન કરતો. બીમારીના કારણે, હું ત્યાં વધુ સમય રોકાઈ શકતો ન હતો, તેથી હું ઝડપથી ઝિયારત પઢી અને પાછો આવી જતો.

મારા પરિવારમાંના લોકો મારી પથારી છત પર પાથરતા, જેથી ઝિયારત કરીને પાછા ફર્યા બાદ હું સીધો છત પર જઈને આરામ કરું.

એક વાર જેમ કે મારો નિયમ હતો કે હું ઝિયારત કરીને પાછો આવ્યો અને મારા બિછાને આરામ કરી રહ્યો હતો, ત્યારે એક વ્યક્તિ જે સૈયદ મહદી કઝવીની જેવા દેખાતા હતા, કોઈને જાણ કર્યા વિના છત પર આવી પહોંચ્યા. હું આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો. હું તેમનો આદર કરવા માટે ઊભા થવા

જતો હતો અને સાથે સાથે મારી ઘરની મહિલાઓને પણ ઉપર ન આવવા માટે કહેવા ઈચ્છતો હતો. એજ ક્ષણે તેમણે હાથથી ઈશારો કરીને મને મૌન રહેવા અને હલનચલન ન કરવા ઈશારો કર્યો.

તેઓ મારી પાસે આવ્યા અને મારા માથા પર હાથ ફેરવી લાગણીપૂર્વક સહલાવ્યું. પછી પૂછ્યું, "હવે તમારી તબિયત કેમ છે?" અને આગળ કહ્યું, "કુરઆન વધુમાં વધુ પઢો." એ ક્ષણે મને એવો અનુભવ થયો કે હું સંપૂર્ણપણે સાજો થઈ ગયો. એ સાથે જ હું સમજી ગયો કે એ વ્યક્તિ અચાનક ગાયબ થઈ ગયા. મેં ચારેતરફ જોયું, મારા પરિવારજનોને પણ પૂછ્યું, પણ કોઈએ એ વ્યક્તિને આવતા કે જતા જોયા જ નહતા. ત્યારે મને લાગ્યું કે એ મારા ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) જ હતા. મેં તેમને શોધવાની કોશિશ કરી, પણ કાંઈ નિશાની ન મળી.

આ ઘટનામાંથી કેટલાક અગત્યના પાઠ પ્રાપ્ત થાય છે:

નિયમિત આ'માલ (ઈબાદત) કરવી: વ્યક્તિએ એ આ'માલ પૂરા કરવાનો પ્રયાસ કરવો જોઈએ, જે તે નિયમિત રૂપે કરતો હોય. જો દિલ થાકેલું હોય અને ઈબાદત ન કરી શકતું હોય, તો હઝરત અમીરુલ મોઅમેનીન (અ.સ.) ની હદીસ અનુસાર, "જ્યારે દિલ થાકી જાય, ત્યારે તેને આરામ આપો." જો આ સ્થિતિ સતત ચાલતી રહે, તો તેનું મૂલ્યાંકન કરવું જોઈએ, કેમ કે હદીસ મુજબ ગુનાહો મનુષ્યને નેક અમલોથી વંચિત રાખે છે.

કેટલું નસીબદાર હતું શેખ મોહંમદ હસન મઝંદરાની નું નસીબ કે તેમને કુરઆનની તિલાવત કરવાની સલાહ ઈમામ (અ.સ.) પાસેથી મળી ! શિયાઓ માટે એટલું જ પૂરતું છે કે તેઓ કુરઆનના મહત્વને સમજી લે, કારણ કે ઈમામ હુસૈન (અ.સ.) નું મુબારક સર ભાલા પર હતું, ત્યારે પણ તેમણે કુરઆનની તિલાવત કરી હતી. એ જ રીતે ઈમામ હુસૈન (અ.સ.) ના સાથીઓએ આશુરાની રાતે પણ કુરઆનની તિલાવત કરી હતી.

તંદુરસ્તી એક અમૂલ્ય નેઅમત છે: કોઈપણ સમયે વ્યક્તિ કોઈ પણ બીમારીનો શિકાર થઈ શકે છે. તેથી જ્યારે આરોગ્ય સારું હોય ત્યારે તેને અલ્લાહનો શુક્ર અદા કરવા માટે ઉપયોગ કરવો જોઈએ.

(સંદર્ભ: બરકાતે હઝરત વલી અસ્ર (અ. સ) પૃષ્ઠ ૧૦૩)

## વાકેઓ 8

## ઈમામે ઝમાના (અ.)ની હિદાયત પર અમલ કરવાથી એક મૂંગો માણસ બોલવા લાગે છે

અબ્દુલ્લાહ બિન સુરાહ કુમ્મી કહે છે: મેં આ કિસ્સો સરવર નામના વ્યક્તિ પાસેથી સાંભળ્યો, જેની મુલાકાત મેં અહવાઝમાં લીધી હતી. તે એક દીનદાર અને આલીમ શખ્સ હતા, પરંતુ હું તે વર્ષ ભૂલી ગયો છું, જેમાં હું તેમને મળ્યો હતો. તેઓ કહે છે : હું મુંગો હતો અને એક શબ્દ પણ બોલી શકતો નહોતો.

જ્યારે હું તેર કે ચૌદ વર્ષનો હતો ત્યારે મારા પિતા અને કાકા મને શેખ અબુલ કાસિમ બિન રવ્હ પાસે લઈ ગયા અને તેમની પાસે વિનંતી કરી કે તેઓ દુઆ કરે કે ઈમામે ઝમાના અ.ની બરકતથી સર્વશક્તિમાન અલ્લાહ મારી જીભ ખોલી દે, શેખ અબુલ કાસિમ હુસૈન બિન રવ્હ એ ફરમાવ્યુ : તમને ઈમામ હુસૈન (અ) ની કબર પર જવાનું કેહવામાં આવ્યું છે. અમે ત્યાંથી પાછા ફર્યા અને કરબલા જવાનું નક્કી કર્યું. અમે ઝિયારત માટે ગુસ્લ અદા કર્યું.

દરમિયાન મારા પિતા અને કાકા એ મને બોલાવ્યો: "સરવર!" મેં સ્પષ્ટ અવાજમાં જવાબ આપ્યો: "હું અહીં છું." તેમણે આશ્ચર્યથી કહ્યું: "અરે! તું બોલી રહ્યો છે?" હું બોલ્યો: "હાં." અબુ અબ્દુલ્લાહ ઈબ્ને સુરાહ કહે છે: સરવર એ વ્યક્તિ હતા, જેઓ ક્યારેય ઉંચા અથવા કઠોર અવાજમાં બોલતા નહોતા, તેના બદલે તેમની વાણી નરમ અને શાંત હતી.

(અલ-ખરાઈજ, ભાગ 3, પેજ નંબર ૧૧૨૨, ઈસબાતુલ હુદા, ભાગ 3, પેજ નંબર ૬૯૦, ગયબત તૂસી પેજ નંબર 30૯, બિહારુલ અનવાર ભાગ ૫૧, પેજ નંબર ૩૨૫)

## વાકેઓ ૭

## ઈમામે ઝમાના અ.ની મુલાકાત કરનાર ઈસા ઈબ્ને મહદી જવહરી

બારમાં ઈમામ (અલય્હિસ્સલામ) સંબંધી એક વાત "તબસેરતુલ ઈમાન"માં છે કે અબુ બિન ઈસા મોહંમદી જવહરી કહે છે કે અમો હી.સ. ૨૬૮માં મક્કા જવા માટે નીકળ્યા. અમારો વિચાર મદીના જવાનો પણ હતો, અમને એ વાતની ખાતરી હતી કે હઝરત મહદી (અલય્હિસ્સલામ) નો જન્મ થઈ ચુક્યો છે અને તેઓ મૌજુદ છે, અમો રવાના થયા. ફેદ નામની એક જગ્યાએ આગળ વધ્યા ત્યાં હું બિમાર પડી ગયો. મને એ વખતે માછલી અને ખજુર ખાવાની ઘણી ઈચ્છા થઈ પણ હું છેક મદીના પહોંચ્યો ત્યાં સુધી મારી એ ઈચ્છા પૂરી થઈ નહિ.

મક્કા પહોંચ્યા પછી એક ઈમાની બિરાદરના મોઢેથી સાંભળ્યું કે હઝરત મહદી (અલય્હિસ્સલામ) તે વખતે "સાબેરના" નામની જગ્યાએ કયામ ફરમાવી રહ્યા છે. એ એક જંગલ છે. અમે જંગલમાં પહોંચ્યા તો અમે એક સ્થળે એક મકાનની પાસે કેટલીક દુબળી બકરીઓ ઉભેલી જોઈ. અમે એ મકાન પાસે જઈને ઉભા રહ્યા અને ઈન્તેઝાર કરવા લાગ્યા કે અમને કોઈ આવીને બોલાવે.

ઈન્તેઝાર કરતાં કરતાં મગરીબ અને ઈશાનો વખત થઈ ગયો. અમે નમાઝથી ફારિગ થઈ ખુદાએ તઆલાના દરબારમાં બહુ નમ્રતા અને આજીજીપૂર્વક રીક્કત સાથે દુઆ કરી કે અય ખુદાવંદા ! તું અમને અમારા આકા (હઝરત મહદી અલય્હિસ્સલામ)ના દીદાર નસીબ કર, હજી અમે દોઆથી ફારેગ થયા ન થયા ત્યાં તો અમે હઝરતના એક ખાદિમને મકાનથી બહાર આવતો જોયો અને તેણે આવાઝ પાડીને કહ્યું ઈસા ઈબ્ને મહદી જવહરી અંદર આવો.

મારૂં નામ લઈને મને બોલાવતા સાંભળીને મને બેહદ ખુશી થઈ અને મારા એ ભલા નસીબ માટે ખુદાનો શુક્ર અદા કરી હું મારા સાથીઓ સહીત

મકાનમાં દાખલ થયો. સેહનમાં એક ખાદિમ ઉભો હતો. તેણે સુફરો બિછાવીને તેના પર બેસવાનું અમને કહ્યું અને જણાવ્યું કે તમારા મવલાએ ફરમાવ્યું છે કે તું ફેદથી રવાના થયો એ વખતે તારા મનમાં જે વસ્તુઓ ખાવાની ઈચ્છા તને થઈ આવી હતી તે ચીજો અહિં હાજર છે, તું ઈત્મિનાન સાથે જમી લે.

મેં કહ્યું મારા આકાનો મોઅજિઝો કાફી છે, પણ જ્યાં સુધી મને આકાના દીદાર ન થાય ત્યાં સુધી મારાથી ખવાય જ કેમ ? મેં આ કહ્યું ત્યાં તો અંદરથી અવાજ આવ્યો : તું પહેલાં નિરાંતે જમી લે પછી તને મારી મુલાકાત થશે.

આ હુકમ થતા મેં સુફરા પર જે જે ખાણું રાખેલું હતું તેના પરથી ઢાંકણું હટાવ્યું. એ ખાનમાં તળેલી ગરમા ગરમ માછલી, ખજુર અને દહીંની વાનગીઓ હતી. દહીં જોઈને મારા દિલમાં ખ્યાલ આવ્યો કે હું બિમાર છું અને બિમાર માટે આ ચીઝો નુકસાનકારક કહેવાય છે. એટલે તે મારે ખાવી કે નહિ. હું આવો વિચાર કરતો હતો ત્યાં ફરીથી મકાનની અંદરના ભાગમાંથી અવાજ સંભળાયો. તું એ ચીજો કશી ચિંતા વગર નિરાંતે ખાઈ લે. અમે જે કંઈ કરીએ છીએ તે સમજીને કરીએ છીએ અને એ વાતની વધારે ફિકર ન કર કે કઈ ચીજ બિમારને ફાયદો કરે છે અને કઈ ચીજથી તેને નુકસાન થાય છે, એટલે અમે જે તને પીરસીએ તે તું નિરાંતે અને વગર ચિંતાએ જમી લે.

આ સાંભળીને હું અને મારા સાથીઓ બધા રડી પડયા અને પસ્તાવો કર્યો કે નાહક આવી રીતનો મેં વહેમ કર્યો. પછી અમોએ નેઅમતો ખાવી શરૂ કરી. અમે ખાતા રહ્યા અને ખવાઈ જતું તેટલું જ ત્યાં આપમેળે ફરીથી આવી જતું. એ ઘણું જ લિજ્જતદાર અને ખુશ્બુદાર હતું. અમોને આખી જિંદગી દરમિયાન આવી લિજ્જતવાળી અને ખુશ્બુદાર વાનગીઓ ખાવાનો ક્યારેય મોકો મળ્યોન હતો.

અમે તેથી એટલું બધું ખાઈ ગયા કે અમને શરમ આવવા લાગી, પણ જાણે અમારા મનની શરમ આપ સમજી ગયા હોય તેમ અંદરથી આપે સાદ

કર્યો કે શરમાવ નહિ. હજી જેટલું મન હોય તેટલું ખાઓ, આ બેહિશ્તી ખાણું છે. તેને કોઈએ હાથ લગાડ્યો નથી. અમોએ તેથી ખાવાનું ચાલુ રાખ્યું. અમે જો કે પેટ ભરીને ખાઈ ચુક્યા છતાં અમારૂં મન તો ધરાયું ન હતું.

છેવટે અમે ખાવાથી હાથ ખેંચી લીધો ત્યારે અંદરથી અવાઝ આવ્યો કે અંદર આવો. અમે હજી હાથ ધોયા ન હતા તેથી વિચાર કર્યો કે હાથ ધોઈને પછી અંદર જઈએ ત્યાં તો અંદરથી ફરી અવાઝ આવ્યો કે હાથ ધોવાની કશી જરૂરત નથી. કેમકે એ ખાણાથી તમારા હાથ બગડ્યા નથી અને અમે તેથી અમારા હાથ પર નજર કરી તો ખરેખર એ બગડ્યા હોવાની જરા જેટલી પણ નિશાની ન હતી અને જયારે એ હાથ સુંઘ્યા તો અમને તેમાંથી અંબર અને કસ્તુરીની ખુશ્બુ આવી

પછી હું અંદર ગયો અને મારા મૌલાનું એટલું નુર જોયું કે મારી આંખો અંજાઈ ગઈ અને એટલો બધો ખૌફ લાગ્યો કે હું ભાન ભૂલી ગયો.

આપે મને સંબોધીને ફરમાવ્યું કે અય ઈસા ! હું જ્યાં સુધી ઝુહુર ન થાઉં ત્યાં સુધી કોઈ મને (સંપૂર્ણપણે) જોઈ શકશે નહિ. અગર જો હું સંપૂર્ણપણે ઝુહુર કરત તો અમારા વિરોધીઓ મને જુઠલાવી શકત નહિ અને એમ ન કહી શક્યો હોત કે મારો ક્યારે જન્મ થયો, હું ક્યાં રહું છું, મને કોને જોયો છે, મેં મોઅજીઝો બતાવ્યો ? પણ ખુદાની કસમ ! હું જાહેરમાં હોઉં તો પણ તેઓ માને તેમ નથી. કેમ કે એ લોકોએ હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) ને જોયા, તેમની કરામતો તથા મોઅજીઝા જોયા. એટલું જ નહિ તેમની વીરતા, શુજાઅત અને ઈલ્મનો પણ તેમણે સાક્ષાત અનુભવ થયો છતાં એ લોકો ક્યાં ઈમાન લાવ્યા હતા ?

ઉલ્ટું તેમણે સાચા માનવાને બદલે યઝીદના બાપ મોઆવિયા જેવાઓને એમણે તેમના પર ફઝીલત આપી અને દગાથી હઝરતને અંતે શહીદ કરી દીધા. એ હઝરત પછી જે જે ઈમામો થયા એ બધા મારા વડીલો સાથે પણ તેઓએ એવો જ વર્તાવ કર્યો. જાદુગર સુદ્ધા કહેવાથી અચકાયા નહિ. અય

ઈસા ! હવે તું જા તને જવાની રજા છે અને તે જે કંઈ જોયું તે અમારા દોસ્તોને બયાન કરજે.

મેં અરજ કરી, યા મૌલા ! દુઆ કરો કે ખુદા મને સાબિત કદમ રાખે. આપે ફરમાવ્યું જો તું સાબિત કદમ ન હોત તો તને અમારી મુલાકાત ક્યાંથી થાત. તું હક રસ્તા ઉપર છે. તેથી રસ્તગાર થઈશ અને તને જન્નત મળશે. આ ખુશખબરી સાંભળીને અમે ખુદાનો શુક્ર કરતા કરતા ત્યાંથી નીકળ્યા અને મારા સ્થાને પાછા ફર્યા. (સીરતે અઈમ્માહ હાજી નાજી સાહેબ)

## વાકેઓ 10

## ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના હુકમથી લખવામાં આવેલી કિતાબની દાસ્તાન

કિતાબ 'કમાલુદ્દીન' ઘણી મહત્વની કિતાબો પૈકી એક છે. આ કિતાબમાં તે હદીસો મૌજુદ છે જેમાં ઈમામે ઝમાના (અ.સ.)નું અસ્તિત્વ, લાંબી ઉમ્ર, ગયબત અને ઈમામ (અ.સ.)ના વિષે બીજી બાબતોની ચર્ચા છે.

શૈખ સદુક (અ.ર.) પોતાની આ કિતાબની પ્રસ્તાવનામાં લખે છે: જ્યારે મારા ઉપર ઉંઘ ગાલિબ થઈ ત્યારે મેં જોયું કે હું મક્કામાં છું. હું બયતુલ્લાહનો તવાફ કરી રહ્યો હતો. જ્યારે હું હજરે અસવદ તરફ આગળ વધીને ચૂમી રહ્યો હતો અને કહી રહ્યો હતો 'મેં અમાનતને પાછી આપી દીધી, મારી ઓળખ પૂરી કરી, જેથી તું તે પૂરી કર્યાની સાક્ષી રહે' .

ત્યારે મેં મારા મૌલા અને આકા કાએમ ઈમામે ઝમાના (અલ્લાહની રહેમત આપ ઉપર ઉતરે) ને જોયા. આપ મારા ચહેરાના હાવભાવથી મારા દિલની હાલત જાણતા હતા. મેં સલામ કરી આપે સલામનો જવાબ આપ્યો અને ફરમાવ્યું 'તમે ગયબત ઉપર કિતાબ શા માટે નથી લખતા? જેથી તમારી બધી હાજતો પૂરી થઈ જાય' મેં કહ્યું 'યબ્ન રસુલુલ્લાહ! હું પહેલા જ ગયબત ઉપર લખી ચૂકયો છું.'

આપે ફરમાવ્યું 'તે એ રીતે નથી જેનો મેં તમને હુકમ આપેલ છે. હવે એક કિતાબ ગયબત પર લખો. જેમાં અમ્બીયાની ગયબતની વાત હોય'

આ કહીને ઈમામ (અ.સ.) ચાલ્યા ગયા. આ રીતે ઈમામ (અ.સ.)ના હુકમ મુજબ શૈખ સદુક (અ.ર.)એ ગયબત ઉપર 'કમાલુદ્દીન' કિતાબ લખી.

(કમાલુદ્દીન કિતાબ ની પ્રસ્તાવના)

## વાકેઓ 11

## હિ.સ. ૩૦૭માં હજરે અસ્વદને નસ્બ કરવું

અલ્લામા અર્દબેલી લખે છે કે ઈમામે ઝમાના અ.સ. ના નાયેબે ખાસ હુસૈન બિન રવ્હ અબુલ કાસિમની નિયાબતના દૌરમાં જાઅફર બિન મોહમ્મદ બિન કોલુયા ( કામેલુઝ્ઝીયારત કિતાબના લેખક ) હજના ઈરાદાથી બગદાદ ગયા અને બગદાદથી મકકા મોઅઝઝમા હજ કરવા જવાનું તેમણે નકકી કરેલું હતું. પણ બગદાદ પહોંચીને તે સખ્ત બિમાર પડી ગયા, એ જ ઝમાનામાં એમણે સાંભળ્યું કે કરામતાએ હજરે અસ્વદ કાઢી નાખ્યો છે અને તે દુરૂસ્ત કરીને પાછો તેની જગ્યાએ બેસાડવાના છે. જાઅફર બિન મોહમ્મદ કિતાબોમાં પઢી ચુકેલા હતા કે હજરે અસ્વદ માત્ર નબી કે ઈમામે ઝમાના જ નસ્બ કરી શકે છે, જેવી રીતે પહેલા આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે નસ્બ કર્યો હતો, પછી હજ્જાઝના ઝમાનામાં ઈમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામે નસબ કર્યો હતો.

એમના આ ઈલ્મને કારણે એક કાગળ લખીને પોતાના એક ગુલામ ઈબ્ને હશ્શામને આપ્યો અને કહ્યું કે જે સાહેબે હજરે અસ્વદ નસ્બ કરે તેને આપજો.

હજરે અસ્વદને એની જગ્યાએ બેસાડવા લોકો પ્રયત્ન કરી રહ્યા હતા પણ એ સ્થિર થતો ન હતો. ત્યાં તો એક ખુબસુરત યુવાન સામેથી આવ્યા અને આવીને તેને સરખી રીતે બેસાડી દીધો, અને તે પોતાની જગ્યાએ સ્થિર થઈ

ગયો. જયારે તે ત્યાંથી રવાના થયા ત્યાર બાદ ઈબ્ને હશ્શામ એમની પાછળ ગયો.

રસ્તામાં આપ પાછા ફર્યા અને કહ્યું : "તું જાઅફર બિન મોહમ્મદનો કાગળ મને આપી દે. એણે મને પુછયું છે કે એ ક્યાં સુધી જીવતો રહેશે ? તો એમને તમે કહી દેજો તે હજી 30 વર્ષ સુધી જીવશે એટલું કહીને આપ ગાયબ થઈ ગયા. ઈબ્ને હશ્શામે બગદાદ જઈને આખો કિસ્સો જાઅફરને કહી સંભળાવ્યો. ટુંકમાં જાઅફર ત્યાર પછી 30 વર્ષ જીવતા રહ્યા.

(સિરતે અઈમ્માહ, હાજી નાજી સાહેબ)

## વાકેઓ 12

## અના હુજ્જતુલ્લાહ, અના બકિય્યતુલ્લાહ

અલ્લામા અર્દબેલી લખે છે કે અહમદ બિન ઈસ્હાક અને સઅદુલ અસ્કરી એક દિવસ હઝરત ઈમામ હસન અસકરી અલય્હિસ્સલામ પાસે એ ખ્યાલથી આવ્યા હતા કે આજે આપણે ઈમામ અલય્હિસ્સલામથી દરયાફ્ત કરીશું કે આપના પછી હુજ્જતુલ્લાહ ફિલ અર્ઝ કોણ થશે ?

જયારે ઈમામ અલય્હિસ્સલામથી મુલાકાત થઈ ત્યારે હઝરત ઈમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "અહમદ તમે જે ખ્યાલ દિલમાં લઈને આવ્યા છો હું તમને તેનો જવાબ આપું છું. એટલું ફરમાવીને આપ આપની જગ્યા પરથી ઉઠ્યા અને ઘરમાં ગયા. પાછા ફર્યા ત્યારે આપના ખભા પર એક ખૂબ જ નુરાની ચેહરાનું ખુબસુરત બાળક હતું. તેની ઉમ્ર ત્રણ વર્ષની હતી. આપે ફરમાવ્યું: 'મારા પછી આ બાળક ખુદાની હુજ્જત થશે. એનું નામ મોહમ્મદ અને કુન્નિયત અબુલ કાસિમ છે. એ ખિઝરની જેમ લાંબુ જીવન પામેલા છે અને તેમની જેમ જીવન જીવશે તથા સિકંદરની જેમ આખી દુનિયા પર રાજ કરશે.

અહમદ બિન ઈસ્હાકે કહ્યું : "મૌલા કોઈ એવી નિશાની બતાવો કે જેથી કામિલ (સંપૂર્ણ) ઈત્મીનાન થઈ જાય. આપે ઈમામ મહદી અલય્હિસ્સલામને સંબોધીને કહ્યું : "બેટા આનો જવાબ તમે જ આપો.'

ઈમામ મહદી અલય્હિસ્સલામ કમસિન હોવા છતાં તેમણે છટાદાર ભાષામાં ફરમાવ્યું :

"અના હુજ્જતુલ્લાહ, અના બકિયતુલ્લાહ..... ""હું અલ્લાહની હુજ્જત છું અને અલ્લાહના હુકમથી બાકી રહેવાનો છું. એક દિવસ એવો આવશે જયારે અલ્લાહના દુશ્મનોથી હું બદલો લઈશ."

(સિરતે અઈમ્માહ, હાજી નાજી સાહેબ)

## વાકેઓ 13
## સૌથી મઝલૂમ વ્યક્તિ

હુજ્જતુલ ઈસ્લામ મર્હુમ આકાએ હાજી સૈયદ ઈસ્માઈલ શરફી(ર.હ.) કહે છે.

હું મકામાતે મુકદ્દસની ઝિયારતમાં મશગુલ હતો કેમકે ઈમામ હુસૈન(અ.સ.)ના રોઝા મુબારકના ગુંબજ નીચે દુઆઓ કબૂલ થાય છે, એટલા માટે મેં દુઆ કરી કે મને ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની ઝિયારત નસીબ થાય. આવી રીતે દુઆ અને ઝિયારતોમાં હું મશગુલ હતો કે અચાનક આલમે ખુરશીદનો નૂર જાહેર થયો પણ હું એ સમયે તેમને ઓળખી ન શકયો પરંતુ શિદ્દતથી તેમના તરફ વળ્યો અને એમનાથી પૂછયું કે "તમે કોણ છો?" એમણે ફરમાવ્યું કે "હું વિશ્વનો સૌથી મઝલૂમ વ્યક્તિ છું."

પહેલા તો હું સમજી ન શકયો મને થયું કે કદાચ તેઓ નજફના મોટા આલિમોમાંથી હશે અને લોકો એમનામાં રૂચી નથી ધરાવતા એટલે તેઓ પોતાને સૌથી મઝલૂમ વ્યક્તિ સમજે છે, પરંતુ એજ સમયે મને મેહસૂસ થયું કે કોઈ પણ મારી સાથે મૌજૂદ નથી, ત્યારે હું સમજી ગયો કે વિશ્વમાં સૌથી

મઝલૂમ વ્યક્તિ ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) સિવાય બીજું કોઈ નથી અને હું તેમની સાથેની મુલાકાતથી જલ્દી જ વંચિત થઈ ગયો.

(સહીફ એ મહદીય્યા)

## વાકેઓ 14

## ઈમામે ઝમાના (અ.સ.)ની તાત્કાલિક મદદ મળે તે માટેની દોઆ

ઈરાનના ફતેહઅલી શાહના વખતમાં ઈસ્ફેહાનમાં બે મોટા આલીમો આગા હાજી મોહમ્મદ ઈબ્રાહીમ અને આગા મિરઝા મોહમ્મદ મહદી વચ્ચે કોઈ વક્ફીયાતના બારામાં મતભેદ ઊભો થયો. ઈરાનના શાહે પોતાના મોટા આલીમ મુલ્લા કાસમને તેઓ વચ્ચે સમજૂતી કરાવવા ઈસ્ફેહાન મોકલ્યા. તેઓ ત્યાં પહોંચ્યા અને ગેરસમજૂતી દૂર કરી ઈસ્લાહ કરી આપી.

એક દિવસ મુલ્લા કાસીમ ઈસ્ફેહાનના કબ્રસ્તાનમાં ફાતેહા પઢવા ગયા. એમની સાથે તેમનો નોકર પણ હતો. તે દિવસ જુમેરાતનો ન હતો, જેથી લોકોની અવર જવર ન હતી; અને કાવા અને હુક્કાની દુકાન પણ ખુલ્લી ન હતી.

ફાતેહા પડ્યા પછી તેમણે નોકરને કહ્યું, "અહીં કોઈ દુકાન કે કાવાખાનું નથી ? મને હુક્કો જોવે છે." નોકરે મજબૂરી બતાવી. મુલ્લા કાસમ મહાન આલીમ મરહૂમ મિરઝા મોહમ્મદ બાકર દામાદની કબર ઉપર ઈમારત હતી, તે તરફ ફાતેહા પઢવા ગયા. ઈમારતમાં દાખલ થતી વખતે એક બુઝુર્ગવારને ખૂણામાં મુસલ્લો બિછાવી બેઠેલા જોયા. મુલ્લા કાસીમે આગળ વધી કબર પર ફાતેહા પઢયા. તે બુઝુર્ગવારે ફરમાવ્યું, " તમે અદબમાં સમજતા નથી. તમે દાખલ થયા ત્યારે સલામ કરવી જોઈએ?" તેમના રોબથી હું બેચેન થયો. શરમથી માથું નમાવી અરજ કરી, "ફાતેહા પછી તમારી ખિદમતમાં હાજર થઈ સલામ બજાવી લાવત."

તેમણે જવાબમાં કહ્યું, “આવો, બેસો તમારા મરહૂમ પિતા ઘણા નેક હતા. તેમણે દોઆ કરી હતી કે ખુદા તેમને એક નેક ફરઝંદ આપે જે આલીમ થાય. તેમની દોઆ પૂરી થઈ અને તમારા જેવા નેક આલીમનો જન્મ થયો. ત્યાર પછી તેમણે પૂછ્યું, હમણાં તમારે હુક્કો પીવો છે ?

મેં અરજ કરી, “મને એમ હતું કે કબ્રસ્તાન નજીકમાં દુકાનો હશે. તેથી મારી સાથે કાંઈ લાવ્યો નહિ.” તેમણે ફરમાવ્યું, “આ થેલીમાંથી હુક્કાનો સામાન કાઢો.”

મેં જોયું તો તે થેલીમાં હુક્કો, તંબાકું, કોલસા, ચકમક બધું હતું. મેં તે લઈ નોકરને બોલાવવા ચાહ્યું. તેમણે ફરમાવ્યું, “તમે પોતે બહાર જઈ હુક્કો બનાવી પીઓ. ”હું બહાર જઈ હુક્કો પી બધું સાફ કરી પાછો આવ્યો અને થેલીમાં સામાન પાછો મૂક્યો.

પછી તેમણે ફરમાવ્યું, “તમારી હાજત હોય તે માંગો. ”મેં કહ્યું, “મને ભાથું આપો.”

તેમણે ફરમાવ્યું, “દુનિયાની ચીજ ન માંગો.” મેં અરજ કરી, “આપ જે આપશો તે સર આંખો પર રાખીશ.”તેમણે ફરમાવ્યું, “બે દોઆ પઢવા માટે આપું છું, જે દુઃખ-હાજતના વખતે મારી મદદ મેળવવા માટે પઢજો. તો હું તાત્કાલિક મદદ કરીશ. એક દોઆ ખાસ તમારા માટે જ છે; અને એક દોઆ બીજા દરેક મોઅમીનો માટે છે .” મેં કહ્યું, “મારી પાસે કાગળ-કલમ કંઈ નથી.” તેમણે ફરમાવ્યું, “આ થેલીમાં કાગળ છે.”

હુક્કાનો સામાન ગાયબ થઈ ગયો હતો, તેની જગ્યાએ એક દવાત, કલમ અને કાગળ હતો. તે કાઢી હું લખવા લાગ્યો. પ્રથમ તેમણે મારા માટેની ખાસ દોઆ લખાવી. પછી ફરમાવ્યું, “હવે દરેક મોઅમીનો માટે છે તે દોઆ લખો. જે મોઅમીનને હાજત-દુઃખ કે તક્લીફ હોય તે ૭૦ વખત આ દોઆ પઢે : “યા અલ્લાહો, યા મોહમ્મદો યા અલી. યા ફાતેમાહ યા સાહેબઝઝમાન અદરીકની વલા તુહલિકની.”

હું વિચારમાં પડ્યો. છેલ્લો ફકરો કિતાબમાં બહુવચન અદરીકૂની એટલે સઘળા મારી મદદ કરો એમ હોવું જોવે . તેમણે ફરમાવ્યું, "એકવચન અદરીકની લખો તે જ બરાબર છે. જે મારી મદદ માંગવા માટે છે. કેમ કે આ ઝમાનામાં હું ખુદાની હુજ્જત છું અને દરેક પ્રકારની સત્તા-હુકૂમત મારા માટે છે, તેથી મારી મદદ માગવામાં આવે છે. પ્રથમ ખુદા, રસૂલ, હઝરત અલી અ. અને જનાબે ફાતેમાહ સ.અ.નાં નામ છે, તે વસીલા છે, એટલે માંગનાર તે બુઝુર્ગવારનો અલ્લાહને વસીલો આપી મારી મદદ માંગે છે." મેં આ બધું લખી કલમ-દવાત પાછા થેલીમાં મૂકીને દોઆ ફરી વાંચવા લાગ્યો.

એ પછી જ્યારે મેં માથું ઊંચું કર્યું, તો તે બુઝુર્ગવાર તેમનો મુસલ્લો કે થેલી કંઈ ન હતું ! હું ઝટ દરવાજા તરફ દોડ્યો. ચારે તરફ તપાસ કરી. નોકરને પણ પૂછ્યું, તો તે કહેવા લાગ્યો કે મેં કોઈને દરવાજામાંથી બહાર નીકળતાં જોયા નથી. જેથી મને ખાતરી થઈ કે તે મારા ઈમામે ઝમાના (અલય્હિસ્સલામ) હતા. આ બનાવ પર વિચાર કરતાં હુક્કાની તલબ વિશે મારા દિલની વાત જાણવી; થેલીમાં પ્રથમ હુક્કો અને પછી કાગળ-કલમ અને દવાત વગેરેથી મને ખાતરી થઈ. હું ખુદાનો શુક્ર બજાવી લાવ્યો.

(મોઈનુઝઝાકેરીન મજલીસ 10 હાજી નાજી સાહેબ)

## વાકેઓ 15

## અમે મદીનામાં ફક્ત એટલા માટે સુરક્ષિત છીએ કે આપણા મૌલા અને આકા ઈમામે ઝમાના(અ.સ.) અમારૂ રક્ષણ કરે છે

તાજેતરમાં આપણા એક મહાન આલિમ શૈખ અમ્રીનો ઈન્તેકાલ થયો છે. આપ મદીનએ મુનવ્વરાના રહેવાસી હતા અને મૃત્યુ સમયે આપની ઉમ્ર લગભગ ૧૩૫ વર્ષ હતી. જન્નતુલ બકીઅમાં આપને દફ્ન કરવામાં આવ્યા. આપના વિશે એ મશહૂર હતુ કે આપે ઈમામે ઝમાના(અ.સ.)ની સાથે મુલાકાત કરી છે. હઝરતે આપને સઉદીની જેલમાંથી છુટકારો અપાવ્યો.

અલ-મુન્તઝરના પ્રતિનિધિઓએ ઈ.સ. ૧૯૯૮ માં શૈખ મોહમ્મદ અલી અલ અમ્રી અને તેમના વ્હાલા ફરઝંદ હઝરત હુજ્જતુલ ઈસ્લામ હાજી શૈખ કાઝિમ અમ્રીની મુલાકાતનો શરફ હાસિલ કર્યો અને જનાબ શૈખ કાઝિમ અમ્રીને પુછ્યુ કે બનાવ શું છે? લોકો એમ કહે છે કે આપના વાલીદે ઈમામે ઝમાના(અ.સ.)થી મુલાકાત કરી છે. તેઓએ તરતજ કહ્યું: એવી કોઈ વાત નથી. તે લોકોએ કહ્યુ, પરંતુ આ વાત બહૂજ પ્રચલિત છે. આપ તેની સ્પષ્ટતા કરો. બહૂજ આગ્રહ કરવા પછી તેઓએ કહ્યુ....

વાકેઓ આ રીતે છે કે આજથી લગભગ ૭0વર્ષ પહેલા જ્યારે કે આપ પૈદા પણ નહોતા થયા, મારા વાલિદને તથા ઘણા બધા શીઆઓને સઉદી હુકૂમતે ફક્ત શીઆ હોવાના લીધે ગિરફ્તાર કરી લીધા, અને બાબે જીબ્રઈલની સામે શીઆઓ ઉપર ઝુલ્મો થયા, ત્યાં સુધી કે બે શીઆ તેમાં શહીદ થઈ ગયા અને ઘણા બધા શીઆઓની સાથે મારા વાલિદને પણ ગિરફ્તાર કરી લીધા.

મારા વાલિદ કારણ કે તેઓ આલિમનું સ્થાન ધરાવતા હતા, તેઓને ફાંસીની સજા સંભળાવવામાં આવી. બાદમાં શીઆઓએ ઘણો બધો વિરોધ કર્યો તો મારી વાલિદની ફાંસીની સજાને ઉમ્રકૈદની સજામાં બદલી નાંખવામાં આવી અને શહેરથી દૂર કોઈ જેલમાં મોકલી દેવામાં આવ્યા.

અમારા ખાનદાન અને કબીલાના લોકોને આ બાબતની કોઈ જાણ નહોતી કે તેઓને આજીવન કૈદ થઈ છે. પરંતુ ખાનદાનના લોકો એમજ સમજી રહ્યા હતા કે તેમને ફાંસી થઈ ગઈ છે. એક વર્ષ પછી મારા વાલીદ ઘરે પરત આવ્યા. લોકોએ તેમને જોયા તો ખુશીનો પાર ન રહ્યો. બધાએ તેમને પુછ્યુ કે બનાવ શું છે? તેઓએ ખાસ-ખાસ લોકોને બનાવ વર્ણવ્યો અને ત્યાર પછી અમને પણ તેઓએ બનાવ બયાન કર્યો.

આપે ફરમાવ્યુ કે જ્યારે મને શહેરની બહાર લઈ જવામાં આવ્યો અને હું જેલમાં હતો, હું બારગાહે ખુદાવંદી અને અઈમ્મએ હોદા(અ.મુ.સ.)ની

બારગાહથી મુતવસ્સિલ રહેતો અને પોતાની નજાત માટે દુઆ કરતો હતો. એક રાત્રે મેં ખ્વાબમાં જોયુ કે ઈમામે જવાદ(અ.સ.) આવ્યા છે. (શૈખ અમ્રીનું જ્યાં મકાન છે, તે વિસ્તાર અવાલીના નામથી મશ્હૂર છે, તે અવાલીના વિસ્તારમાં મસ્જીદે કુબા પણ છે અને તે વિસ્તારમાં ઈમામે જવાદ(અ.સ.)નું મકાન હતુ.)

મને ખુશ-ખબરી આપી રહ્યા છે કે ટુંક સમયમાંજ હું આઝાદ થઈ જઈશ. આજ રીતે બીજી રાત્રે ખ્વાબમાં ઈમામ અમીરૂલ મોઅમેનીન(અ.સ.) તશરીફ લાવ્યા અને તેઓએ પણ ખુશ-ખબરી આપી કે હું ખૂબજ જલ્દી જેલમાંથી છુટી જઈશ અને ત્રીજી રાત્રે સ્વપ્નમાં ઈમામે ઝમાના(અ.સ.)ને જોયા, એવી રીતે કે આપ(અ.સ.) ઘોડા ઉપર સવાર હતા. આપની સાથે ઘણા બધા અસ્હાબો પણ હતા અને મક્કાથી મદીના તરફ આવી રહ્યા છે. મને આપ(અ.સ.)એ ફરમાવ્યુ કે 'મારો એક પ્રતિનિધિ તમારી પાસે આવી રહ્યો છે. તે તમને આઝાદ કરાવશે.'

તે ખ્વાબ પછી જ્યારે હું જાગ્યો તો પરેશાન થયો કે શું બાબત છે? ખ્વાબની તાબીર શું છે? બાદમાં સિપાહીઓ મારી પાસે આવ્યા અને મને ખબર આપી કે મને આઝાદી મળી રહી છે અને આ રીતે મને જેલમાંથી આઝાદી મળી ગઈ. હું બારગાહે ખુદાવંદમાં શુક્રગુઝાર થયો અને મારા મૌલાના ઝુહૂર માટે દુઆ કરવા લાગ્યો.

શૈખ કાઝિમ અમ્રીએ પોતાના વાલિદની વાત વર્ણવ્યા બાદ અલ-મુન્તઝરના પ્રતિનિધિઓને ફરમાવ્યુ: વાત એમ છે કે હકીકત આ છે કે અમે મદીનામાં ફક્ત એટલા માટે સુરક્ષિત છીએ કે આપણા મૌલા અને આકા ઈમામે ઝમાના(અ.સ.) અમારૂ રક્ષણ કરે છે.તેમનો ટેકો અમારી સાથે શામિલ છે. આપે પોતાની પાછળની દિવાર તરફ ઈશારો કર્યો કે જેના પર હદીસનું આ લખાણ લાગેલુ હતુ કે...."ઈન્ના ગયરો મોહમેલીન લે મુરાઆતેકુમ વલા નાસીન લે ઝિક્રેકુમ......

શૈખ કાઝિમએ ફરમાવ્યુ: હઝરત(અ.સ.) આપણા કાર્યોથી ક્યારેય ગાફિલ નથી થતા અને આપણી યાદને ક્યારેય ભૂલાવતા નથી અને અગર આપ(અ.સ.)ની નઝરે ઈનાયત આપણા પરથી હટી જાય તો દુશ્મન આપણને પાછળ ધકેલી દેશે.

આ તૌકીઅમાં હઝરતે આ જ બાબત ફરમાવી છે.બાદમાં પ્રતિનિધિઓએ પોતે શૈખ મોહમ્મદ અલી અમ્રીની તસ્દીક કરી. અલબત્ત શરૂઆતમાં તો તેમણે કંઈપણ બતાવવાનો ઈન્કાર કર્યો. પરંતુ ખૂબજ આગ્રહ કર્યો તો કહ્યુ કે આ રીતે આપણા મૌલા અને આકાએ અમારી મદદ કરી.

(અલ મુન્તઝર ૧૪33)

## વાકેઓ 16

## આપણી આંખોમાં જુદાઈના આંસુ કેમ નથી આવતા!!!

જ્યારે મસ્જીદે નબવી બનાવવામાં આવી તો રસુલ (સ.અ.વ.) લોકોને વાઅઝ અને નસીહત કરતી વખતે અને ખાસ કરીને જુમ્આનો ખુત્બો આપતી વખતે ખજુરીના ઝાડના થડનો ટેકો લેતા જે મસ્જીદના સહેનમાં બાકી રહી ગયુ હતું. પછી જ્યારે મુસલમાનોની સંખ્યા વધવા લાગી તો લોકોએ રસુલ (સ.અ.વ.) માટે એક મીમ્બર બનાવ્યું જેના ઉપર આપ ખુત્બો આપે, જેથી બધા પોતાના મહેરબાન નબીના દીદાર કરી શકે.

પહેલો જુમ્આ આવ્યો. રસુલ (સ.અ.વ.) મજમાની વચ્ચેથી પસાર થતા થતા ખજુરીના થડને પાછળ છોડીને મીમ્બર તરફ આગળ વધ્યા અને મીમ્બર ઉપર તશરીફ લઈ ગયા. જેવા મીમ્બર ઉપર બેઠા ખજુરીના સુકા થડમાંથી એવો ગીર્યાનો અવાજ બલંદ થયો જાણે કે કોઈ માતા પોતાના મુર્દા બચ્ચા ઉપર રડી રહી હોય. તેના રૂદનના કારણે મજમામાંથી પણ રોવાના અવાજો બલંદ થયા. રસુલ (સ.અ.વ.) મીમ્બર ઉપરથી ઉતર્યા અને ખજુરીના થડને બગલમાં લીધું અને શફકત ભર્યો હાથ ફેરવ્યો.

તે પછી મીમ્બર ઉપર જઈને લોકોને ખિતાબ કર્યો: અય લોકો! આ સુકી લાકડી પણ અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.) પ્રત્યેની પોતાની મોહબ્બતનો ઈઝહાર કરી રહી છે અને મારાથી દુરીના કારણે દુ:ખી થઈ રહી છે. જો હું તેને બગલગીર ન કરત તો તે કયામત સુધી રડત.

(બેહારૂલ અન્વાર ભાગ 17, પા. 226-227)

વિચારવા જેવું છે કે એક સુકુ જાડ રસુલ (સ.અ.વ.)થી અમુક લમ્હા માટે દૂર થવાના કારણે ગીર્યાનો અવાજ બલંદ કરે છે. એમ છતાં કે તે રસુલ (સ.અ.વ.)ને જોઈ રહ્યું હતું. આપણને શું થઈ ગયું છે કે આપણે આપણા ઝમાનાના ઈમામનો દીદાર પણ નથી કરી રહ્યા, તેમનાંથી દૂર પણ છીએ તેમ છતાં આપણી રોજીંદી ઝીંદગીમાં રચ્યા પચ્યા છીએ. દરેક શખ્સ અને દરેક વસ્તુ યાદ છે સિવાય ઝમાનાના ઈમામ અને આપણી આંખોમાં આ જુદાઈના આંસુ પણ નથી આવતા !!!

## વાકેઓ 17

## ઈમામે ઝમાના (અ.સ.)નો એક મોઅજીઝો જે તાજેતરમાં જ થયો છે

આકા એ મુત્તકી હમદાનીની પત્નીનો વાકેઓ છે.

તે કહે છે કે માહે સફર હિ.સ. ૧૩૯૭, સોમવારના દિવસે મારા બે જવાન બાળકોના શમીરાનના પહાડ ઉપરથી પડી જવાથી મૃત્યુ પામવાના કારણે, મારી પત્ની ગમ અને પરેશાનીને લીધે કોમામાં ચાલી ગઈ અને ડોક્ટરોની સલાહ મુજબ અમે સારવારમાં લાગી ગયા, પરંતુ કોઈ ફાયદો ન થયો.

આ બનાવના ૪ દિવસ પછી આકાએ મહદી કાઝેમી કે જેઓની તહેરાનના વેપારીઓ અને માનવંતા લોકોમાં ગણના થાય છે, તેમના ભાણેજની સાથે તહેરાનથી આવ્યા, જેથી બહેનને (ટેક્ષી)થી સારવાર માટે તેહરાન લઈ જાય. રાત્રે ૧૧ વાગ્યે હું થાક્યો પાક્યો મારા રૂમમાં સુવા માટે ચાલ્યો ગયો.

અચાનક ખ્યાલ આવ્યો કે આજે શબે જુમ્આ છે. દોઆ અને મુનાજાતની શબ છે, તવસ્સુલ અને રાઝો નિયાઝની શબ છે. આ રાત્રિમાં મેં અમુક આયતોની તિલાવત અને શબે જુમ્આની થોડી દોઆઓ પઢીને ઈમામે ઝમાના(અ.સ.)ની બારગાહમાં ઈસ્તેગાસા કરી અને ગમથી ભરેલા હ્રદયે સુઈ ગયો.

અચાનક મને એવુ લાગ્યું કે મારી પત્નીના રૂમમાંથી ચીસાચીસ અને જોર-જોરથી વાતચીત સંભળાઈ રહી છે. પછી અવાજ થોડો મોટો થયો અને ત્યારબાદ સન્નાટો છવાઈ ગયો. મેં વિચાર્યું કે મહેમાન છે ,જેથી એ તરફ વધારે ધ્યાન ન આપ્યું, ત્યાં સુધી કે નમાઝે સુબ્હની અઝાનનો અવાજ મારા કાનોથી ટકરાયો. હું વુઝુ કરવા માટે નીચે ગયો. મેં જોયુ કે ફળીયાની લાઈટ શરૂ છે અને મારી મોટી દીકરી કે જેના હોઠોં ઉપર મેં ભાઈઓના મૃત્યુ બાદ સ્મિત નહોતુ જોયું તે ફળીયામાં આંટા મારતી હતી.

મેં તેણીને પુછયું : કેમ બેટા સુતી નથી?' તેણીએ જવાબ આપ્યો : બાબા મને ઉંઘ નથી આવતી'

મેં પુછયુ : કેમ ?' તેણીએ જવાબ આપ્યો : એટલા માટે કે લગભગ ૪ વાગ્યે મારી માઁને શિફા મળી ગઈ હતી. હું રાહ જોઈ રહી હતી કે તમે આવો તો હું તમને ખુશખબરી સંભળાવું' પછી મેં પુછયુ : કોણે શિફા આપી?'

તેણીએ જવાબ આપ્યો : માઁ એ અમોને રાત્રે ૪ વાગ્યે ખૂબજ વ્યાકુળતાથી જગાડ્યા અને કહ્યું: આકાને વિદાય કરો.' અમે બધા જાગી ગયા અને અમે જોયુ કે માઁ કે જે પોતાની જગ્યાએથી ચાલી નહોતી શકતી તે ઉઠીને બહાર આવ્યા. હું માઁની પાછળ-પાછળ બહાર આવી અને દરવાજા પાસે માઁની નજીક પહોંચી ગઈ અને મેં કહ્યું : માઁ! આપ ક્યાં જઈ રહ્યા છો?

માઁએ જવાબ આપ્યો : એક આકા આલિમના લિબાસમાં મારા માથા પાસે આવ્યા અને મને કહ્યું : ઉઠો' મેં કહ્યું : હું ઉભી નથી થઈ શકતી.' તેમણે ઉંચા અવાજથી કહ્યું : ઉઠો, અને હવે ન દવા ખાવ કે ન રડો.' હું તેમની હયબતથી

ઉભી થઈ ગઈ. ફરીવાર મને કહ્યું : `હવે ન દવા ખાવ કે ન રડો.' અને જેવા તેઓ દરવાજા તરફ વળ્યા કે મેં તમોને જગાડ્યા કે આકાનો એહતેરામ કરો અને તેમનું સ્વાગત કરો.'

જ્યારે માઁનું ધ્યાન ગયુ કે અમો દરવાજા પાસે ઉભા છીએ, તો માઁએ કહ્યું : "બેટા ઝહરા! હું સ્વપ્ન જોઈ રહી છું કે જાગી રહી છું? શું હું પોતે મારા પગે ચાલીને અહીંયા આવી છું? મેં કહ્યું : "હા માઁ! આકાએ આપને શિફા આપી છે. અને પછી હું માઁને લઈને ઓરડામાં આવી. હા! એક શબ્દ "ન રડો" કહેવાથી તેના દિલમાંથી ગમ અને શોક દૂર થઈ ગયો.

(શિફતગાને ઈમામ મહદી(અ.સ.) પાના:૧૭૨)

## વાકેઓ 18

## ઈમામે ઝમાના (અ.સ.) સાથે મુલાકાત ન થવાના કારણો

અલી બિન મહેઝીયાર(રહ.)એ શખ્સ હતા જેઓ ઈમામે ઝમાના(અ.સ.)ની મુલાકાતની નિય્યતથી 19 વખત હજ કરવા જાય છે પણ તેમને મુલાકાત થતી નથી. 20મી વખતે તેઓ વિચારે છે કે આ વખતે શું કરૂં? ત્યારે તેમને ઈલ્હામ થાય છે કે ચાલો કદાચને આ વખતે ઈમામ(અ.સ.)થી મુલાકાત થઈ જાય.

હવે અલી હજ ઉપર જવા રવાના થાય છે અને દરેક પળે તેમની આંખો ઈમામ(અ.સ.)ને શોધતી રહે છે. કયારેક મદીનામાં ક્યારેક મસ્જીદે નબવીમાં કયારેક જન્નતુલ બકીઅમાં તો કયારેક ખાને કાબાનો તવાફ કરતા સમયે. હવે અલી બિન મેહઝીયાર હજ પૂરી કરે છે પણ થોડો સમય મક્કામાં રોકાય છે અને એક દિવસ જયારે તેઓ ખાનએ કાબાનો તવાફ કરી રહ્યા હોય છે અને બરાબર ખાનએ કાબાના દરવાજાની સામે આવીને ઉભા હોય છે કે તેમની પાસે એક શખ્સ આવે છે અને તેમને પૂછે છે કે "તમે કોણ છો અને તમને શું જોવે છે? શા માટે અહીં આવ્યા છો?"

ત્યારે અલી કહે છે કે “હું અલી બિન મેહઝીયાર છું અને હુ મારા ઈમામ(અ.સ.)ને મળવા માટે અહીં આવ્યો છું” ત્યારે તે શખ્સ કહે છે કે “ તમને ઈમામ(અ.સ.)ને મળવું હોય તો તમે હજરે અસ્વદ અને સફાના પહાડની વચ્ચે રાહ જોજો.” આ સાંભળતા જ તેમની ખુશીની કોઈ સીમા ન રહી અને તેઓ બતાવેલી જગ્યા ઉપર રાહ જોઈ રહયા હતા. ત્યાં તેજ શખ્સ આવ્યો અને તેમને સાથે લઈ ગયો અને વાદીઓમાંથી પસાર થતા રહયા. એક પછી એક વાદીને પાર કરીને એક એવી જગ્યાએ પહોંચ્યા જે ખૂબ જ ખુશનુમા જગ્યા હતી. તેની નજર દૂર એક તંબુ ઉપર પડી.

તે શખ્સે કહ્યું “મારી પાછળ આવો.” જયારે તેઓ બંને તે તંબુમાં દાખલ થયા. ત્યારે ઈમામ(અ.સ.)ની ઝિયારતનો શરફ હાંસિલ થયો. મેં ઈમામ (અ.સ.)ને સલામ કરી, ઈમામ(અ.સ.)એ મારા સલામનો જવાબ આપ્યો અને કહ્યું “અલી બિન મેહઝીયાર તમે આવવામાં આટલું મોડું શા માટે કર્યું? અમે સવાર અને સાંજ તમારી રાહ જોતા હતા.” અલી બિન મેહઝીયાર કહે છે કે “મારા આકા મને તમારા સુધી પહોંચાડવાવાળું કોઈ ન હતુ.” ઈમામ (અ.સ.) કહે છે “તમને કોઈ ન મળ્યું જે તમને અમારી સુધી પહોંચાડે!! ના, એવું નથી, બલ્કે તમારી અને અમારી મુલાકાત ન થવાનું કારણ આ છે કે

(1) તમે દુનિયાનો માલ ભેગો કરવામાં લાગેલા હતા.

(2) તમે તમારા રિશ્તેદારો સાથે કત્અે રહેમી કરતા હતા અને

(3) તમે ગરીબો અને નબળા મોઅમીનો ઉપર અભિમાન કરતા હતા.

હવે કહો! શું તમારા આ કાર્યો એવા હતા કે તે તમને અમારી મુલાકાત માટે લઈ આવે?” અલી બિન મેહઝીયારે ઈમામ(અ.સ.)ની બારગાહમાં પોતાના ગુનાહોની માફી માંગી.

## વાકેઓ 19

## શું તમે એમ ધારો છો કે તમારા ઈમામ તમારી હાજતથી વાકેફ નથી ?

સય્યદ મોહમ્મદ સય્યદ અબ્બાસ કરબલાના મહાન મુજતહેદ આગા સય્યદ ઈસ્માઈલ સદરના સમયમાં જે જબલે આમીલના રહેવાસી હતા તે બયાન કરે છે કે હું નજફમાં રહેતો હતો અને હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ના હરમે મોતહહરના સહનની ચારે તરફના ઓરડાઓમાંથી ઉપરના ભાગના એક ઓરડામાં રહેતો હતો. મારી હાલત ઘણી તંગ હતી. ઘણે ભાગે મુઠ્ઠીભર ખજૂર અને પાણીથી દિવસ પસાર કરતો હતો. રોજી માટે ઘણી દુઆ કરતો હતો, છતાં કોઈ પાસે માગતો ન હતો.

છેવટે ઈમામે ઝમાના (અલય્હિસ્સલામ)ને અરીઝો લખવાનું શરૂ કર્યું. દરરોજ વહેલી સવારના નજફનો દરવાજો ખુલવા સમયે બહાર જઈ અરીઝો નદીમાં નાખી આવતો. એવી જ રીતે ૩૯ દિવસ પસાર થયા.

એક દિવસે અરીઝો દરિયામાં નાખી પાછા ફરતાં મને જણાયું કે મારી પાછળ કોઈ માણસ આવી રહ્યો છે. મેં તેની તરફ નજર કરી જોયું તો એક અરબ જબલે આમીલના રહીશ જેવા હતા. તેમણે મને સલામ કરી. પછી મારી સામે આવ્યા. સલામનો જવાબ આપી હું ચૂપચાપ આગળ વધ્યો. તેમણે કહ્યું : "સય્યદ મોહમ્મદ ! તમે ૩૯ દિવસ થયા, દરરોજ વહેલી સવારના દરવાઝો ખુલવા સમયે બહાર નીકળી દરિયામાં અરીઝો નાખતા હતા તો શું હાજત છે ? શું તમે એમ ધારો છો કે તમારા ઈમામ તમારી હાજતથી વાકેફ નથી ? હું વિચારમાં પડ્યો કે કોઈને ખબર નથી છતાં આ અજાણ્યા માણસને કેવી રીતે ખબર પડી ? આ કોણ હશે ? તરત જ મને ખ્યાલ આવ્યો કે એ મારા ઈમામ જ હશે.

મેં કિતાબોમાં વાંચ્યું હતું કે ઈમામે ઝમાના (અલય્હિસ્સલામ)ના હાથની પવિત્ર હથેળી મુબારક બહુ જ સુંવાળી અને નરમ છે. તેથી ખાતરી કરવા માટે મુસાફેહો કરવા મારા હાથ લંબાવ્યા. તેમણે મારા હાથ પોતાના હાથોમાં મેળવી મુસાફેહો કર્યો. તેમની હથેળી બેહદ નરમ અને સુંવાળી જણાઈ. આ બાબતની ખાતરી થતા તરત બોસો લેવા હું જુક્યો. એટલી વારમાં મારી

નજરોથી ગાયબ થયા અને હું એકલો રહી ગયો. મારા અરીઝા પહોંચ્યાની ખાતરી સાથે મને મારા ઈમામ (અલય્હિસ્સલામ)ની ઝિયારત પણ નસીબ થઈ, તેથી મારી ખુશીનો પાર ન હતો. ટૂંક સમયમાં મારી હાલત સુધરી ગઈ.

(મોઈનુઝઝાકેરીન, હાજી નાજી સાહેબ)

## વાકેઓ ૨૦

## ઈમામે ઝમાન (અ.સ.) મુર્દા ઝમીરને જીવંત કરે છે

આ વાકેઆની તસ્દીક મરહુમ આયતુલ્લાહ અબુલ કાસિમ ખુઈ સાહેબ અને મરજ એ તકલીદ આયતુલ્લાહ વાહીદે ખુરસાની સાહેબે કરી છે.

એક ગામમાં એક આલીમ હતા. મુત્તકી, પરહેઝગાર, નેક અને સાલેહ. તેઓ ત્યાં નમાઝ પડાવતા. અમુક સમય પછી તે આલીમનો ઈન્તેકાલ થઈ ગયો. આથી વસ્તીવાળાઓ નક્કી કર્યું કે તે આલીમના આપણાં ઉપર ઘણા એહસાનો છે આથી આપણે તેમનાં દીકરા શૈખ હસનને તેમની જગ્યાએ બેસાડી દઈએ જેથી તેમનું ગુજરાન પણ ચાલે અને તેમનાં પિતાનાં એહસાનોનો બદલો પણ વાળી શકાય.

શૈખ હસન કાબીલ ન હતા અને અરબીમાં પણ કંઈ ખાસ આવડતુ ન હતુ. પરંતુ લોકોએ તેમને પેશ ઈમામ બનાવી નાખ્યા. તેઓ ત્યાં નમાઝ પડાવતા. પછી ધીરે ધીરે લોકોએ ખુમ્સ અને ઝકાતની રકમ તેમને આપવાનુ શરૂ કર્યુ જે તેઓ તેને અમાનતની સાથે હકદાર સુધી પહોંચાડી દે.

પરંતુ શૈખ હસને તેમાં ખયાનત કરી અને તે પૈસા પોતાના ઐશો આરામ અને જાહોજલાલી પાછળ ખર્ચ કરવા લાગ્યા. તેઓ ખુશ હતા કે પિતાથી વારસામાં આ ઓહદો મળ્યો કે જેના કારણે તેમની ઝીંદગી ઐશો આરામથી પસાર થાય છે.

એક રાત્રિનાં ખ્વાબમાં એક નૂરાની શખ્સિયતે આવીને કહ્યુ – શૈખ હસન! અલ્લાહથી ડરો, તમારી હરકતોથી બાઝ આવી જાવ અને તૌબા કરી લો. તેમનાં વજુદમાં એક ધ્રુજારી છૂટી જાય છે. ઊંઘમાથી જાગીને કાચમાં જોયુ તો દાઢીનાં અમુક વાળ સફેદ થઈ ગયા હોય છે. હવે તેમને એહસાસ થયો કે મૌત

કરીબ આવી રહી છે અને ઝીંદગીમાં તેમણે ઘણા ગુનાહો કર્યા છે. ઝમીર બેદાર થયું અને તૌબા કરી અને લોકો સામે પોતાનો ગુનાહ કબુલ કરી લે છે અને કહ્યુ કે તમારી નમાઝો બાતિલ છે તેને ફરીથી પડવી પડશે.

લોકો ગુસ્સે થઈને તેમને મારે છે અને ગામની બહાર કાઢી મુકે છે. તેઓ રડતા રડતા ઝખ્મી હાલતમાં ઈમામથી તવસ્સુલ કરતા આમ તેમ ફરી રહ્યા હોય છે. ત્યાં ઈમામે ઝમાના (અ.સ.)ની મુલાકાત થાય છે. ઈમામ (અ.સ.)એ પહેલા તો તેમનાં ઝમીરને બેદાર કરીને રૂહાની બીમારીનો ઈલાજ કર્યો અને હવે એ મહેરબાન તબીબ તેમની જીસ્માની બીમારીનો ઈલાજ કરે છે અને તેમને શફા આપે છે. પછી તેમને નવેસરથી ઈલ્મ પ્રાપ્ત કરવા કહે છે અને એક આલીમનાં નામની ભલામણ કરી. શૈખ હસન તેમની પાસે જઈને ઈલ્મ હાસીલ કરવા લાગે છે.

એક દીવસ એક ગુંચવણ ભર્યા પ્રશ્નનો જવાબ આપવા શૈખ હસનના ઉસ્તાદ એક કીતાબ શોધતા હોય છે, ખુબજ મહેનત કરવા પછી પણ કીતાબ મળતી નથી. બીજા દીવસે શૈખ હસન આવે છે અને ઉસ્તાદને કહે છે – તમે બીજી શાદી કરી છે તે પત્નિનાં ઘરે પલંગની બાજુમાં કબાટ ઉપર તે કિતાબ તમે રાખેલી છે અને તમે ભુલી ગયા છો. ઉસ્તાદને તે કીતાબ ત્યાંથી મળી જાય છે.

ઉસ્તાદ શૈખ હસનને કહે છે તમને કેમ ખબર પડી કે મે બીજી શાદી કરી છે અને આ કીતાબ ત્યાં છે. શૈખ હસન જવાબ આપવાનું ટાળે છે. ઉસ્તાદ ખુબ આગ્રહ કરે છે, તો શૈખ હસન પોતાની આપવીતી કહે છે અને ઈમામે ઝમાનાં (અ.સ.)ની મુલાકાત તથા આ કીતાબનું સરનામુ પણ ઈમામે ઝમાના (અ.સ.)એ બતાવ્યું એમ કહે છે. ઉસ્તાદ કહે છે – શૈખ હસન તમે નસીબદાર છો કે ઈમામની મુલાકાત થઈ, શું મને પણ આકાના દિદાર નસીબ થઈ શકે?

શૈખ હસન કહે છે – ખબર નહી પણ ઈમામ (અ.સ.) મને ઈલ્મ લેવા માટે તમારા નામની ભલામણ કરી અને આકાના લબો ઉપર તમારૂ નામ આવ્યું એ કંઈ નાની વાત નથી.